# અધ્યાત્મ

**આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું ગુજરાતી માસિક**

છૂટક નકલ ૮-૦૦ વાર્ષિક લવાજમ દેશમાં રૂા. **૨૫/–** આજીવન **૨૫૧**/–

વિદેશમાં વાર્ષિક રૂા. **૫૦૦**/ (વિમાનથી) આજીવન **૫૦૦૦**/–

- **સંસ્થાપક : પ. પૂ. યોગેશ્વરજી** સર્વમંગલ ચે. ટ્રસ્ટ સ્વર્ગારોહણ, દાતારોડ, **અંબાજી,** ૩૮૫૧૧૦).
- **તંત્રી–સંપાદક** : શ્રી નારાયણ હ. જાની.
- **પ્રકાશન અને પ્રાપ્તિસ્થાન** : ૬ વૃંદાવન ફ્લેટસ, હવેલી પાસે આતાભાઇ ભાવનગર– ૧. ફોન : **૨૫૭૨૫૦૨, ૨૫૬૫૮૧૧**
- ADHYATMA email Addres: adhyatma_editor@yahoo.co.in
- You can know about Shree Mahatmaji & Shree Maa from Website "SWARGAROHAN.ORG"
- **અધ્યાત્મના સહાયક સ્વજનો** : ૧. શ્રીપિનાકીન ના. જાની ૨. શ્રી આશીષ ગોહિલ ૩. શ્રીગોરધનભાઇ કલોલા (કલ્યાણ) ૪. શ્રી જ્યોત્સ્નાબેન બી.ત્રિવેદી.
- **તંત્રી, મુદ્રક અને પ્રકાશક** : નારાયણ હ. જાની.
- **મુદ્રણસ્થાન** : રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, LIG167, આનંદનગર, ભાવનગર-૫

**★ લેખકોને નિમંત્રણ ★**

- અધ્યાત્મમાં લેખો, ભજનો કે ગીતો મોકલાવવા લેખકોને નિમંત્રણ છે. અધ્યાત્મની ભાવનાને અનુરૂપ જ લેખો સ્વીકારવામાં આવશે.
- લખાણ કાગળની એક બાજુ ને સારા મોટા અક્ષરે લખેલું હોવું જરૂરી છે.

**★ અધ્યાત્મ અંગે સૂચનો ★**

- ગ્રાહકોને ગ્રાહક નંબર સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.
- 'અધ્યાત્મ' જો આપને ગમ્યું હોય તો આપના પરિચિત વર્ગમાં તેના ગ્રાહકો વધે તેવું આપ કરતાં રહેશો.
- લવાજમ માટે મનીઓર્ડર, ડીમાન્ડ ડ્રાફ્ટ 'સર્વમંગલ ચેરિટેબલ ટ્રસ્ટ'ના નામનો શ્રીનારાયણ હ. જાની, ૬ વૃન્દાવન ફ્લેટ, હવેલી પાસે, આતાભાઇ, ભાવનગર(ફોન-૨૫૭૨૫૦૨)ને મોકલવા વિનંતી છે.
- 'અધ્યાત્મ' દર માસની ૧૭ તારીખે પ્રસિદ્ધ થશે. કોઇ કારણે એકાદ અઠવાડિયા સુધી અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા પછી અત્રે જણાવવું. સિલિકમાં હશે તો જરૂર મોકલી અપાશે.
- પત્રવ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર લખવાથી વધુ સરળતા રહેશે.
- **આ અંકના ટાઇટલ પેઇજ સાથે કુલ પાનાં ૬૮.**

**You can know about Shree Mahatma Yogeshwarji & Shree Maa Sarweshwari from Website 'swargarohan.org'**

## અનુક્રમણિકા

| | | |
|---|---|---|
| સદ્‌ભાવભરી સહાય | મા સર્વેશ્વરી | ૩ |
| હેપી નાતાલ ને નૂતનવર્ષાભિનંદન | તંત્રી, અધ્યાત્મ | ૪ |
| પૂ.માનો સંદેશ | મા સર્વેશ્વરી | ૫ |
| શ્રી યોગેશ્વર વાણી | યોગેશ્વરજી | ૬ |
| શ્રી યોગેશ્વર કથામૃત– | | |
| દક્ષિણ આફ્રિકાનો પુણ્ય પ્રવાસ (૧૨) | મા સર્વેશ્વરી | ૮ |
| રાધાસ્વામી સત્સંગની અલગ જ દુનિયા છે | શમ્મી સરીન | ૧૨ |
| કાલીમંદિર–કર્પૂરવન યાત્રા | રાજુ જાની | ૧૬ |
| દરિયો ઉધાર દે (ગઝલ) | દક્ષેશ કોન્ટ્રાક્ટર | ૧૭ |
| પરિવાર સાથે આનંદ માણવાનો સમય ક્યાં? | નીલમ દોશી | ૧૮ |
| "મા" સર્વેશ્વરીની આંતર યાત્રા | પ્રો. તરલા દેસાઇ | ૨૨ |
| જૂઠી જગતની પ્રીત | હરિનો મારગ | ૨૬ |
| મૃત્યુઃ અનિવાર્ય છે ત્યારે... | સ્વામી વિદિતાત્માનંદજી | ૩૦ |
| નિવૃત્તિવેળાએ | જ્યોતિબેન થાનકી | ૩૩ |
| અંદરનો જો "મારગ" મળી જાય તો જીવન ધન્ય બની જાય | માણેકલાલ પટેલ | ૩૮ |
| ભક્તોની જવાબદારી | યોગેશ્વરજી | ૪૪ |
| કામનો માણસ! | ડો.આઇ.કે.વીજળીવાળા | ૪૭ |
| ભક્ત અને ભગવાનનો સંબંધ | સ્વામી માધવતીર્થ | ૫૪ |
| મુજ સમ કોઇ ના બડભાગી | યોગેશ્વરજી | ૫૮ |
| સ્વર્ગારોહણ, અંબાજીમાં ઉજવાયો દીપોત્સવી ઉત્સવ ને પૂ.મા સર્વેશ્વરીનું પ્રાગટ્ય પર્વ | રાજુ જાની | ૫૯ |
| વાંસળીનો અવાજ | હરિનો મારગ | ૬૩ |

# સદ્ભાવભરી સહાય

વિદેશની ધરતી ઉપર પ્રથમ શિબિર, કર્પૂરવન સંનિધિ પર્વ, કર્પૂરવન ૐમા પ્રાથમિક શાળા, સાયકલ યાત્રા તથા જયપુર ફૂટ જેવાં અનેક સત્કર્મો જેમના હાથે થઈ રહ્યાં છે.

તે કર્પૂરવનના મા પરિવારનાં વડીલો ને બાળકો–

૧. શ્રી શારદાબેન,

૨. શ્રી રમેશચંદ્ર,

૩. શ્રી જગદીપ ભક્ત,

૪. શ્રી નયના ભક્ત.

તરફથી આ અંક પ્રકાશિત થઈ રહ્યો છે.

સર્વમંગલ, સ્વર્ગારોહણ, અધ્યાત્મના એ સાચા સ્વજનોને અભિનંદન.

–મા સર્વેશ્વરી



# હેપી નાતાલ ને નૂતનવર્ષાભિનંદન

અધ્યાત્મના વિદેશના ગ્રાહકો અને વાંચકોને (Happy X'Mas) હેપી ક્રીસમસ તેમજ ઈસુ ખ્રિસ્તના સને ૨૦૧૬ના પ્રારંભ પ્રસંગે નૂતન વર્ષાભિનંદન.

જાન્યુઆરીની પહેલી તારીખથી પ્રારંભાતુ ૨૦૧૬નું વર્ષ આપણા વાંચકો જ નહીં પરંતુ સમગ્ર માનવો માટે સુખ, શાન્તિ ને આબાદી લાવનારું નીવડે એવી મા સર્વેશ્વરી અને ગુરુદેવ પ્રભુને પ્રાર્થના છે.

૧૭/૧૨/૨૦૧૫ તંત્રી

અધ્યાત્મ

ૐ યોગેશ્વરાય નમઃ

# પૂ.માનો સંદેશ

—સરવરતીર

હે યોગેશ્વર પ્રભુ! પ્રણામ પ્રણામ પ્રણામ પ્રણામ પ્રણામ.

હે પ્રભુ! આપે આ ધરતી ઉપર સર્વ મંગલની સ્થાપના કરી તેની સાથે સાથે આપે સૌરાષ્ટ્રની ધરતી ઉપરથી એક તેજસ્વી દૈવી ભક્તને પણ કર્ણાવતીને આંગણે ઉતાર્યા.

આપના એ દૈવીભક્ત જનસમાજની જાણે દીવાદાંડી, પ્રેરણાની પ્રત્યક્ષ પરબડી બનીને, નમ્રતાની, શ્રદ્ધાની, ભક્તિની, સમજણની શ્રેષ્ઠ દીવડી બનીને પ્રકાશ પાથરી રહ્યાં છે.

એ આશીર્વાદ પામેલાં આપના દૈવી ભક્ત બાળને આપ કેટલી બધી ઉદારતા ધરીને દાનવીર બનાવી રહ્યાં છો. તે સૌ ઉઘાડી આંખે જોઇ રહ્યાં છે.

આપના એ દૈવી બાળ શ્રી શાંતિભાઈએ પણ જાણે આ પૃથ્વી ઉપર આપને માટે જ જન્મ ધર્યો છે. જેમ શ્રી નારાયણને આપ સાથે જ લાવ્યાં ને જીવનના પૂર્ણ આયુષ્ય સાથે આપના કાર્યો આપ કરાવી રહ્યાં છો.

આપણા આ શાંતિભાઈને—શ્રીલાભુબેન શ્રીવિજયભાઈ, નીતા સ્મિતા, રેમા, મીના સૌને પણ નવાં વરસે વિશેષ આશીર્વાદ આપો.

શ્રી શાંતિભાઈના સર્વ દૈવીકાર્યો માટે સર્વદેવીદેવતા પણ વંદન કરે એવું છે. આપણે સૌ આ દિવાળી પર્વે શ્રી શાંતિભાઈને વધાવતા, શુભેચ્છા આપતા એમના લાંબા તંદુરસ્ત આયુષ્ય માટે શ્રદ્ધાભક્તિભર્યા ધર્મ પરાયણ જીવન માટે પ્રાર્થના કરીએ.

—હે પ્રભુ! પ્રણામ પ્રણામ પ્રણામ પ્રણામ.



# શ્રી યોગેશ્વર વાણી

—યોગેશ્વરજી

## ભક્તિની વ્યાખ્યા

ભક્તિ એટલે શું અથવા તો ભક્તિ કોને કહેવી?

આ પ્રશ્ન કાંઇ આજકાલનો નથી. સૃષ્ટિની શરૂઆતથી જ, જ્યારથી માનવનું શુદ્ધ કે પરિષ્કૃત મન ઇશ્વર વિશે ને ઇશ્વરને મેળવવાનાં માર્ગ વિશે વિચાર કરતું થયું હશે, ત્યારથી જ આ પ્રશ્ન ઉદ્ભવેલો છે, ને આજ લગી જુદી જુદી રીતે માનવે તેના ઉત્તર પણ આપ્યા છે. સંસારના બધા જ પદાર્થો પરિવર્તનશીલ, મૃત્યુગામી ને અલ્પ સુખ આપનારા છે એમ ભારતીય ઋષિવરોનું કહેવું છે. આ પદાર્થોના ઉપભોગ કે સેવનથી પૂર્ણ સુખ કે શાંતિની માણસની અલિપ્સા પૂરી થઇ શક્તી નથી. આ ઉપરાંત, માણસને જીવનમાં ડગલે ને પગલે જે અપૂર્ણ જ્ઞાન ને મર્યાદિત શક્તિનો અનુભવ થાય છે, તેથી તેના અંતરમાં એક પ્રકારની અસંતોષની અગ્નિજ્વાલા ને પૂર્ણ જ્ઞાન ને શક્તિની પ્રાપ્તિ દ્વારા તેને શાંત કરવાની લાલસા જાગે છે. આ લાલસાની તૃપ્તિ સંસારના પદાર્થ કે વ્યવહારથી થઇ શક્તી નથી એવો માણસનો જુગજૂનો અનુભવ છે. માણસ પ્રકૃતિથી બંધાયેલો છે, પ્રકૃતિનો દાસ છે, એટલું જ નહિ, પણ પોતાના મન ઇન્દ્રિયોનો પણ ગુલામ છે : કાળ, અવસ્થા ને સ્વભાવના બંધનથી માણસ પૂરી રીતે ઝકડાયેલો છે. કોઇ અદૃષ્ટ શક્તિના હાથમાં તે રમકડું બની રમી રહ્યો હોય એવું ભાન તેને થયા કરે છે. આવો માણસ જે કરવા ધારે છે તે બધું જ કરી શક્તો નથી. કોઇ ગરીબી, કંગાલિયત, શત્રુ, રોગ કે વાર્ધક્ય ને મૃત્યુને ઇચ્છતું નથી. છતાં તેમની ઉપસ્થિતિ આગળ માણસનું કાંઇ જ ચાલતું નથી એ અનુભવસિદ્ધ વાત છે. આ દશામાં પૂર્ણ સલામતી, શાંતિ કે સુખ ક્યાંથી હોઇ શકે? જે પદાર્થો પોતે જ

સલામત નથી, ઘડીમાં પ્રકટે છે તો ઘડીમાં વિનાશ પામે છે, ને જેમની સુખશાંતિની મૂડી નગણ્ય કે અલ્પ અથવા તદ્દન તુચ્છ છે, તે બીજાને પૂર્ણ સુખ શાંતિ કેવી રીતે આપી શકે, અથવા અમૃતપદની પ્રાપ્તિ કરી મૃત્યુને મારવાની ઝંખના પણ કેવી રીતે મટાડી શકે? જે સંપૂર્ણ છે, સલામત છે, કાળ ને અવસ્થા કે વિકારથી રહિત સંપૂર્ણ સુખ ને શાંતિ છે, તેના જ સંવનથી માણસને સંપૂર્ણ સુખ શાંતિ, અમરતા ને પૂર્ણતા મળી શકે. એ દેખીતું જ છે.

તો પછી એની વસ્તુ ક્યી છે? ઋષિઓએ આ માટે વિવિધ સાધનોનો અમલ કરી શોધ કરી. શોધ દ્વારા પૂર્ણ સત્ય, પૂર્ણ સુખ ને શાંતિમય તત્ત્વનું તેમને દર્શન થયું. આને તેમણે બ્રહ્મ, ઈશ્વર એવા વિવિધ નામથી સંબોધ્યું ને જાહેર કર્યું. આ ઈશ્વરી તત્ત્વને પ્રાપ્ત કરવાના અનુભવાત્મક માર્ગ પણ તેમણે જાહેર કર્યા. એ માર્ગે વિકાસ કરવાથી બીજા પણ કેટલાય માનવો ઈશ્વરતત્ત્વને મેળવી ચૂક્યા. આવો જ એક માર્ગ ભક્તિ છે.

એટલે કે જે સાધન દ્વારા પૂર્ણ સુખ ને શાંતિના ધામરૂપ ઈશ્વરની પ્રાપ્તિ થાય ને તેના પરિણામરૂપ માનવને પૂર્ણતા, શાંતિ ને બંધનોથી મુક્તિ મળે તે સાધનનું નામ ભક્તિ એમ કહી શકાય. અલબત્ત, આ વ્યાખ્યાનમાં સુખ શાંતિ માટે સંસારની બીજી કોઈ યે વસ્તુને નહિ, પણ ઈશ્વરને જ સેવવાનો ને ભજવાનો ભાવ આવી જ જાય છે. તે વિના ભક્તિનું આ સાધ્ય સિદ્ધ થઈ શકે જ નહિ. તેનો વિચાર પણ આપણે યથાક્રમ કરીશું. હાલ તો એટલું જ કહીશું કે આ એક જ વસ્તુ ભક્તિની વ્યાખ્યા જુદા જુદા ભક્તિ માર્ગના આચાર્યોએ જુદી જુદી રીતે આપી છે તે બધી જ સાચી છે. જેને જે માર્ગનો વિશેષ આશ્રય લેવાથી ઈશ્વર પ્રાપ્તિ થઈ તેણે તે જ સાધન કે માર્ગને ભક્તિ એમ ગણ્યું છે. તે બધા જ સાધનોને સાચા સમજી તે સાધનો ઈશ્વર પ્રાપ્તિને જ માટે છે એ સત્યને ભક્તે ભૂલવું ના જોઈએ.




# અધ્યાત્મ

**વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારો**

**—મા સર્વેશ્વરી**

વર્ષ : ૩૮ ડિસેમ્બર—૨૦૧૫ અંક ૩


## શ્રી યોગેશ્વર કથામૃત

**—મા સર્વેશ્વરી**

**દક્ષિણ આફ્રિકાનો પુણ્યપ્રવાસ(૧૨)**

**તા.૦૪/૧૧/૮૨, શનિવાર, કારતક વદ ચોજ, ૨૦૩૯.**

**પ્રિન્સ એડવર્ડ સ્ટ્રીટ, ડરબન શહેર.**

આજે પણ સૂર્ય જેટલો નિયમિત ક્રમ રહ્યો. અહીં સાડા ચાર વાગ્યે સૂર્યોદય થઈ જાય છે. પોણા છએ સૂર્યનો પ્રકાશ મકાન ઉપર પ્રબળ રીતે પથરાઈ જાય છે. આઠ વાગ્યે તો જાણે બપોરના બાર વાગ્યાનો તાપ શરુ થઈ જાય છે. અહીં રસ્તા ઉપર છ વાગ્યાથી મોટરોની આવ—જા શરુ થઈ જાય છે. સાત વાગ્યે દુકાનો ઊઘડી જાય છે. સાંજે પાંચ વાગ્યે બંધ થાય છે. બપોરે ૧ થી ૨ મરજિયાત રીતે દુકાનોમાં વિશ્રાન્તિ હોય છે.

અહીંના પેટ્રોલ પંપ પણ રાત્રે કામ કરતા નથી. બક્ષિસ રૂપે પાંચ રેન્ડ આપીએ તો આપણી પેટ્રોલ વિના અટકેલી ગાડીમાં પેટ્રોલ નાખી આપે.

આજે પૂ.શ્રી લેખનકાર્યમાં ભક્તિ વિષે સુંદર લેખ લખે છે. લેખન બાદ થોડો આરામ કરે છે. અહીં નાતાલ યુનિવર્સિટી છે, જે હાવર્ડ કોલેજ નામે ઓળખાય છે. તેમાં યુરોપીયનો જ અભ્યાસ કરી શકે. પણ હવે એમાં આફ્રિકન, ઇન્ડિયન, કલર્ડને પણ તેનું જો શિક્ષણનું સ્તર વ્યક્તિગત રીતે શ્રેષ્ઠ હોય તો પ્રવેશ મળે છે. અહીં શિક્ષણના માળખામાં કોલેજનાં ત્રણ વર્ષ હોય છે.

અહીં પણ આફ્રિકન ભાષા ફરજિયાત વિષય તરીકે છે. કોલેજમાં એક વર્ષ નિષ્ફળ થવાય તો પછી બીજા એક જ વર્ષ માટે અભ્યાસની તક મળે છે. જો ત્યારે પણ નિષ્ફળ થાય તો યુનિવર્સિટીમાંથી તે વિદ્યાર્થીનું નામ રદ થાય છે. તે બીજા રાજ્યની યુનિવર્સિટીમાં ધારો કે જાય તોપણ અહીંનો શિક્ષણનો અહેવાલ ત્યાં પ્રથમ જોવાય છે.

કોલેજમાં પાંચ મિનિટ પણ મોડા પડો તો કોલેજનાં દ્વાર બંધ થઇ જાય. પાછા ઘરે જ આવવું પડે. પરીક્ષામાં પણ એ જ નિયમ. અહીં પણ પરીક્ષામાં ચોરી થાય છે.

કોલેજમાં કોઇક અધિકાર માટે ઉગ્ર ચળવળ થાય ને તેમાં જે કોઇ ભાગ લે તે સૌની સરકારી ધોરણે ધરપકડ પણ થાય. ત્યાં કોર્ટ કંઇ જ ન કરી શકે. અંધારી ઓરડીમાં એકલા ત્રણ માસ સુધી સજા મળી જાય. વળી, એથી વધારે શિક્ષા એ પણ થાય કે તે વ્યક્તિ દેશ છોડી ન શકે. પોતાના ઘરેથી કામ કરવા જાય. પણ પાંચ વરસ સુધી તે દરરોજ સવારના સાતથી સાંજના સાત સુધી જ બહાર નીકળી શકે. એવું બંધન દેશના કોઇ પણ ક્ષેત્રે અધિકારની માગણી સામે મળી શકે છે.



પરીક્ષાઓ રાત્રે લેવાય. કારણ, નોકરી કરનાર વર્ગ માટે દિવસ અનુકૂળ નથી હોતો. આ કોલેજમાં હિન્દી અધ્યાપકો પણ છે. અહીંનું મેટ્રિકનું શિક્ષણ ઇંગ્લેન્ડ ને અમેરિકામાં પણ માન્ય છે, જેથી એને આધારે ત્યાં પણ ભણી શકાય.

અહીંની ઇન્ડિયન પ્રાયમરી સ્કૂલમાં એક વિષય તરીકે ગુજરાતીને દાખલ કરવાની વિચારણા થઇ રહી છે. આફ્રિકન ભાષા તો ફરજિયાત છે. પણ એ ભાષાની લિપિ અંગ્રેજી જ છે. ડરબનમાં જ તેર હજાર ગુજરાતીઓ રહે છે. આખા દેશમાં સોળ લાખ ભારતીયો રહે છે, જેમાં મુસ્લીમો, ગુજરાતી, ઉત્તર હિન્દુસ્તાની, મદ્રાસી, તામિલી બધાનો જ સમાવેશ થાય છે.

આજે ભોજન બાદ થોડો આરામ કર્યો. સાંજે નિયમિત થતી ધ્યાનની બેઠક આજે પણ હતી. પ્રવચન પણ થયું.

સેવમમરા ને દૂધ લઇ આરામ કર્યો.

**તા. ૫–૧૨–૮૨, રવિવાર, કારતક વદ પાંચમ ૨૦૩૯**
**પ્રિન્સ એડવર્ડ સ્ટ્રીટ, ડરબન શહેર.**

સવારે આજે પણ પૂ.શ્રી સાડા ત્રણે ઊઠી ગયા. વ્યાયામ, મંત્રજાપ, લેખન, દૂધપાન. પછી થોડો આરામ કર્યો. ભોજન કર્યું.

ભોજન બાદ મુલાકાતના સમયે ઇન્ડિયન યુનિવર્સિટીના એક પ્રોફેસર જેઓ પીએચ.ડી. કરે છે તેઓ પૂ.શ્રીને મળવા આવે છે. એમનો અભ્યાસનો વિષય ‘દક્ષિણ આફ્રિકામાં આર્યસમાજ’ છે. તેમના અભ્યાસના થોડા કાગળો તેઓ પૂ.શ્રીને આપે છે. થોડી વાતો કરે છે.

આજે પણ બહાર ફરવા જવાનું બન્યું. ડરબનની બહાર લાલુસી નામના વિસ્તારમાં અને ટોંગારના સ્થાનમાં

દરિયાકિનારે લગભગ બે કલાક ગાડીમાં જ ફર્યાં.

દરિયાકિનારો લીલી ઝાડીથી છવાયેલો છે. હજારો યુરોપીયન, ઇન્ડિયન સ્ત્રીપુરુષો ત્યાં શનિ–રવિ આનંદથી વિતાવવા પોતાનાં વાહનોમાંથી ઊતરી પડે છે. ત્યાં આનંદ કરે છે.

ત્રણ વાગ્યે ઉતારા પર આવી ગયાં. થોડો આરામ કર્યો. લેખન થયું.

સાંજે ધ્યાનની બેઠક થઇ. પછી સેવમમરાનો નાસ્તો લઇ પ્રવચન માટે ગયાં. પ્રવચન બાદ બે ભજનો ગવાયાં. આરતી થઇ. પછી સૌ વિદાય થયાં.

ઉતારા ઉપર આવી, દૂધ પીને આરામ કર્યો.

(ક્રમશઃ)

જગતમાં બે આનંદ છે; એક વિષયાનંદ અને બીજો આત્માનંદ. વિષયાનંદ મન અને ઇંદ્રિયોથી થાય છે. આત્માનંદનો અનુભવ વાસના રહિત શુદ્ધ બુદ્ધિથી થાય છે. પોતા સિવાય બીજા પ્રાણી પદાર્થથી જે આનંદ અનુભવ થાય છે તે વિષયાનંદ કહેવાય છે અને જેમાં બીજા ભાગીદારની જરૂરત નથી પડતી પણ તે સ્વતઃ કોઈપણ કારણ વિના આનંદનો અનુભવ થાય છે તે જ આત્માનંદ કહેવાય છે. વિષયાનંદ નાશવંત છે, અલ્પ છે અને પરિણામી છે તથા દુઃખદાઇ છે. આત્માનંદ મહાન છે, શાશ્વત છે અને અખંડ છે અને સુખને દેવાવાળો છે, જન્મ મરણના ચક્કરથી છોડાવનાર છે; એટલે વિષયાનંદની ઇચ્છામાત્રનો ત્યાગ કરીને આત્માનંદના અભિલાષી બનવું એટલે તેને માટે પ્રયત્નશીલ રહેવું, એટલે મન અને ઇંદ્રિયોથી વિષયોનો ત્યાગ કરીને મન અને ઇંદ્રિયોને આત્મામાં લગાવવી.



# રાધાસ્વામી સત્સંગની અલગ જ દુનિયા છે

—શમ્મી સરિન

માણસના મનમાં જ્યારે સાચો વૈરાગ્ય પ્રગટે છે, ત્યારે અનિત્ય વસ્તુઓનો ત્યાગ સહજ બને છે.

અહીં ધનાઢ્ય શ્રી શિવિન્દર મોહનસિંહના જીવનમાં આવું જ કંઇ બન્યું હશે. તેથી તેની ૪ હજાર કરોડની સંપત્તિનો પરિત્યાગ કરી તેણે જાન્યુ. ૨૦૧૬થી રાધાસ્વામી સત્સંગમાં જોડાવાનું જાહેર કર્યું છે. આ તો જ શક્ય બને જ્યારે તેને નિઃસ્વાર્થ સેવા અને મનની શાન્તિનું મૂલ્ય પોતાની અઢળક ભૌતિક સંપત્તિ કરતાં અધિક લાગ્યું હોય.

પાશ્ચાત્ય સંસ્કૃતિની ભૌતિક સુખોપભોગ દૃષ્ટિએ કદાચ આ ગાંડપણ લાગે, પરંતુ જેને મન નિત્ય અને અનિત્યનો વિવેક જાગી ગયો છે, તેને મન ભૌતિક સુખોપભોગ આપતી વિપુલ સંપત્તિનું મૂલ્ય તણખલા જેટલું છે. આખરે તો સૌને જવાનું છે— વહેલાં કે મોડા, ત્યારે આમાંનું કશું જ સાથે આવવાનું નથી. છોડવાનું જ છે, મૃત્યુ સમયે, તો જીવતાં જ છોડી દો, જેથી અન્ત સમયે એક ભગવાન સિવાય કશામાં મન જાય જ નહીં.

આવું સરસ ઉદાહરણ સમાજ સમક્ષ ઉજાગર કરવા બદલ અમે દિવ્યભાસ્કર દૈનિક પત્રને તેમજ તેના ખબર પત્રી શમ્મી સરિન, અમૃતસરને ખૂબ અભિનંદન આપીએ છીએ.

અખબારોમાં ખૂન, લૂંટફાટ અને સ્ત્રીઓ ઉપર થતા અત્યાચારોના સમાચારો—તો છવાયેલા જ રહે છે, ત્યારે આવા સમાચારો વાચતાં દિલ ટાઢક અનુભવે છે. સમાજમાં ઘણું બધું સારું બનતું હોય છે, પણ તેને ઉજાગર કરવાની દૃષ્ટિનો અભાવ

દેખાય છે.

હવે રાધાસ્વામી સત્સંગ વિષે અમારા ગુરુદેવ મહાત્મા શ્રીયોગેશ્વરજીએ સને ૧૯૬૦ના અરસામાં વાતચીત દરમ્યાન પહેલીવાર રાધાસ્વામી સત્સંગ વિષે અમને વાત કરી. કારણ હતું કે પૂ.શ્રી યોગેશ્વરજી પ્રત્યે માન અને આદર ધરાવતાં એક વલસાડના પટેલ વેપારી આ સત્સંગ સાથે સંકળાયેલા.

આ સત્સંગ કેવો હોય છે, તે વિષે અમને જાણવાની થોડી જીજ્ઞાસા થઇ. એટલે પૂ.શ્રીએ એ સત્સંગની સેવાની થતી પ્રવૃત્તિઓનો થોડો ખ્યાલ આપ્યો. પછી જણાવ્યું કે હું જે રીતે પ્રવૃત્તિને સમજું છું તે કંઇક આમ છે.

માણસ સતત પ્રવૃત્તિ કરતો રહે ત્યારે તેનાં ચિત્તની ધારા—કે વૃત્તિ બહિર્મુખ જ વહેતી રહેતી હોય છે, કારણ કે બધી પ્રવૃત્તિઓ કરનાર ઇન્દ્રિયોનાં દ્વાર બહારના ભાગમાં જ ખૂલે છે. હવે જો આ ચિત્તની વૃત્તિઓની બહારના ભાગમાં વહેતી ધારાને ઉલટાવી નાંખી અંતરમુખ કરીએ તો ધારા—રાધા બની જાય અને તે ભીતરમાં રહેલા આત્મસ્વરૂપ ભગવાન કૃષ્ણનો મેળાપ કરાવી આપે. કરવાનું એટલું જ છે કે જીવનમાં સાચી શાન્તિ કે સુખ જોઇતું હોય તો તે કેવળ આત્મામાં છે, જે તમારી ભીતર—તમારા હૃદયમાં રહેલો છે. જ્યાં સુધી એ તરફ વળાતું નથી, ત્યાં સુધી જ દુઃખ છે. ભીતર રહેલ આત્મા જ સુખ શાન્તિ અને આનંદ સ્વરૂપ છે. તેના તરફ જે અભિમુખ થાય તેને તે મળે જ છે.

પૂ.શ્રી યોગેશ્વરજીની આ વાત તે વખતે તો બહુ સમજાઇ ન હોતી, પરંતુ આજે તે યથાર્થ સ્વરૂપે સમજાય છે ને લાગે છે એ કેટલી બધી સરળ ને સહજ છે. કોઇપણ શાસ્ત્રના અભ્યાસ વગર, અભણ માણસ પણ તેનો આધાર લઇ, આત્મિક



સાધનાક્ષેત્રે આગળ વધી જીવન સાર્થક કરી શકે.

—તંત્રી

**કર્મ—**એશિયાનો સૌથી મોટો મંડપ જ્યાં પાંચ લાખ લોકો બેસી શકે છે, ભાર કર્મ કરવા ઉપર.

**સેવા—**૩ આધુનિક હોસ્પિટલોમાં દરેક બીમારીનો મફત ઇલાજ, શિવિન્દરને કારણે લાભ થશે.

**સહાયતા—**શાળાઓ અને શેલ્ટર્સ બનાવે છે, આપત્તિમાં લોકોની મદદ કરે છે.

**શમ્મી સરિન । અમૃતસર**

રૂ. ૪ હજાર કરોડની સંપત્તિના માલિક ફોર્ટિસ હેલ્થકેરના સ્થાપક શિવિન્દર મોહનસિંહ મનની શાંતિ માટે વેપારી દુનિયાનો ત્યાગ કરીને ૧ જાન્યુઆરી ૨૦૧૬થી રાધાસ્વામી સત્સંગના શરણમાં પહોંચશે. ડેરા રાધાસ્વામીની ખાસિયત એ છે કે અહીં કોઇ જ પ્રકારનું ધાર્મિક આયોજન નથી કરવામાં આવતું. વાતો પણ નથી થતી. અહીં માત્ર કર્મ ઉપર ભાર આપવામાં આવે છે. તેના કારણે જ આ ડેરામાં હિન્દુ, મુસ્લિમ, શીખ વગેરે સહિત અનેક ધર્મના લોકો સંકળાયેલા છે. અમૃતસરથી ૪૦ કિ.મી. દૂર બિયાસ નદીને કિનારે ૪ હજાર એકર કરતાં વધારે જમીન ઉપર વસેલા રાધાસ્વામી ડેરાને તમે સુંદરતા અને શિસ્તનો મહાસાગર કહી શકો છો. ડેરાના સત્સંગ માટે લાખો લોકો આવે છે. જ્યાં બાબા ગુરવિન્દર સિંહ પ્રવચન કરે છે. તે મંડપમાં પાંચ લાખ લોકો બેસી શકે તેવી વ્યવસ્થા છે. અહીં માત્ર સામાન્ય જીવનમાં કર્મની સાધનાની વાત કરવામાં આવે છે. આ મંડપ એશિયાનો સૌથી વિશાળ મંડપ છે.

ડેરા ત્રણ આધુનિક હોસ્પિટલોનું પણ સંચાલન કરે છે. જ્યાં

મોટી મોટી બીમારીનો ઇલાજ વિનામૂલ્યે કરવામાં આવે છે. શિવિન્દરના આવવાથી આ હોસ્પિટલોને લાભ થશે. સેવા અને સહાયતા ડેરાની પ્રાથમિકતા છે. ૨૦૦૧માં જ્યારે ભુજમાં ભૂકંપના કારણે શાળાઓ નાશ પામી હતી તો આ સંસ્થાએ ૯૨ શાળાઓને ફરીથી બનાવી હતી. લેહમાં તોફાન આવ્યું તો ડેરાના લોકોએ ત્યાં શેલ્ટર બનાવી દીધાં. અહીં સેવા અને સહાયતાનું કામ બિયાસ રેલવે સ્ટેશનથી જ શરુ થઇ જાય છે. જેવા શ્રદ્ધાળુઓ ટ્રેનમાંથી ઉતરે તો તેમનો સામાન ઉપાડવા માટે ડેરાના સેવકો ખડેપગે હાજર હોય છે. ડેરાની બસો તમને થોડી વારમાં મુખ્ય દ્વારે પહોંચાડી દે છે. જો તમે જમીન માર્ગે આવી રહ્યા હો તો ઘણા કિ.મિ. પહેલાં ડેરાના સેવકો તમને ડેરા સુધી જવાનો રસ્તો બતાવી દે છે.

ડેરામાં પ્રવેશ કરતાં જ સેવકોનાં સ્મિત, લીલોતરી અને શાંતિનું વાતાવરણ તમારી સાથે ચાલવા લાગે છે. તમને એવું લાગે છે કે તમે બીજી જ દુનિયામાં આવી ગયા છો. શ્રદ્ધાળુઓની અવરજવર હોય પણ સહેજેય અવાજ નહીં. દરેક લોકો પોતાનાં કામમાં મસ્ત જોવા મળે છે. તમામ વ્યવસ્થા એકદમ જડબેસલાક. દરેક સેવા યોગ્ય સમયે અને પૂરેપૂરી મળે છે. આમ તો આખું વર્ષ ડેરા ઉપર રોનક હોય છે પરંતુ મોટાભાગના લોકો ત્રણ દિવસના ભંડારાના અવસરે બાબા ગુરિન્દર સિંહના દર્શન તેમજ પ્રવચન સાંભળવા માટે બિયાસ પહોંચે છે. શિવિન્દર જ્યારે ડેરામાં પહોંચશે તો તેમનું જીવન અને કપડાં બંને બદલાઇ જશે. તેઓ પરિવાર સાથે હોસ્ટેલ કોમ્પ્લેક્સમાં જ રહેશે. તેમણે સફેદ કપડાં પહેરવા પડશે. પાઘડી પણ સફેદ રંગની રહેશે.



# કાલીમંદિર–કર્પૂરવન યાત્રા

–રાજુ જાની

કર્પૂરવન કાલીમંદિર પૂ.શ્રીમાનું પ્રાગટ્ય ધામ. જે ભૂમિ અનેક વર્ષો પૂ.શ્રીમાના પાવન ચરણનો સ્પર્શ પામી. ત્યાં પૂ.શ્રીમા પરિવાર તરફથી સત્સંગ દર્શન માટેની અનુમતિ મળી છે. જેનો લાભ લેવા સ્વર્ગારોહણના ભક્તો દ્વારા દશેરા તા.૨૨ ઓક્ટોબર જે મુ.શ્રી કાલીદાસ દાદાનો પૂણ્યતિથિ દિન તે દિને સત્સંગ સંકીર્તનનું આયોજન થયું. ગુજરાત અને મુંબઇથી પણ લગભગ ૧૧૦ જેટલા ભાઇઓ બેનો કર્પૂરવન પહોંચ્યાં.

સવારે ૧૦.૦૦ વાગે પ્રારંભ પામેલો સત્સંગ બપોરે ૪.૦૦ વાગે પૂર્ણ થયો. જે દરમ્યાન પૂ.શ્રીમા દ્વારા ગઇ નવરાત્રીમાં અપાયેલા સાત મંત્રની માળા, પ્રણામ, બાવની, પૂ.શ્રી પ્રભુ અને પૂ.શ્રીમાની દિવ્યવાણી અને પ્રેમસંગીત દેવી સ્તુતિના ત્રણે ભાગોનું પારાયણ થયું. પૂ.શ્રી કાલીદાસ દાદા જેમને સ્વર્ગારોહણ કુટિયાના પંચદેવોમાં આપણે રોજ પ્રણામ કરીએ છીએ તેમની પુણ્યતિથિ હોવાથી અને આ તીર્થભૂમિ તેમનો પ્રસાદ હોવાથી તેમના અને ભીખીબાના મંત્રગાનની માળા પણ પૂર્ણાહુતિ પહેલાં કરાઇ.

વરદહસ્તની પ્રાર્થના અને ધન્ય ધન્ય ગુરુદેવના પદ દ્વારા પ્રભુનો અને પૂ.શ્રીમાનો આભાર પ્રણામ કરી સૌએ સ્વસ્થાને જવા પ્રયાણ કર્યું. આજના કર્પૂરવનના પ્રસાદમાં દૂધ અને ફળનો પ્રસાદ શ્રી દીપકભાઇ મહેતા (સુરત) જેમના નવા ભવનનું, વાસ્તુપૂજન તે જ દિને હોઇ તેમના તરફથી સૌને મળ્યો, જે બદલ તેમનો આભાર માનવામાં આવ્યો.

# દરિયો ઉધાર દે

—દક્ષેશ કોન્ટ્રાકટર

દર્પણના ગામમાં મને દશ્યો ઉધાર દે,
બે—ચાર આંખમાં મને સ્વપ્નો ઉધાર દે.
બાકીની જિંદગી તને આપી દઉં પ્રભુ,
વીતી ગયેલી કાલનો ટુકડો ઉધાર દે.
બે—ચાર પ્રેમની પળો આપી નહીં શકું,
બદલામાં તું ભલે મને સદીઓ ઉધાર દે.
પરવરદિગાર માફ કર મારા ગુનાહ ને,
મારી શરમને ઢાંકવા પરદો ઉધાર દે.
પહોંચી શકાય શી રીતે તારા નગર સુધી,
મંઝિલ મળી ગઇ મને, રસ્તો ઉધાર દે.
શંકાના ગામથી જવું શ્રદ્ધા—શિખર સુધી,
ભટકી પડે ચરણ કદી, નક્શો ઉધાર દે.
તારા દરશની ઝાંખી શમતી નથી પ્રભુ,
મારી તરસને ખાળવા દરિયો ઉધાર દે.
**‘ચાતક’** લખી લખી અને થાકી ગયો પ્રભુ,
તારા હૃદય લગી જવા શબ્દો ઉધાર દે.

★ ‘મા’ તત્ત્વ જુએ કે બધું છોડીને આવી જાય.



# પરિવાર સાથે આનંદ માણવાનો સમય ક્યાં?

—નીલમ દોશી

**ત્રણ વાનાં મુજને મળ્યાં, હૈયું, મસ્તક ને હાથ.**
**બહુ દઇ દીધું નાથ, જા, ચોથું નહીં માગવું...**
**આ છે કવિ શ્રી ઉમાશંકર જોશીની ખુમારી.**

આજે સમયની સાથે ચાલતા નહીં, ભાગતા—હાંફતા લોકોને જોઇએ છીએ ત્યારે કદીક પ્રશ્ન અચૂક જાગે છે. આખરે જીવવા માટે ખરેખર અનિવાર્ય હોય એવી કઇ કઇ કેટલી વસ્તુઓ હોઇ શકે? આમ તો સૌથી સાદોસીધો જવાબ એક જ વાક્યમાં આપવો હોય તો કોઇ પણ વ્યક્તિ તુરત જવાબ આપી શકે કે હવા, પાણી અને ખોરાક... જે આપણે સૌ નાનપણથી ભણતાં આવ્યા છીએ...

પણ ના, આજે આ સાદોસીધો જવાબ સાચો નથી લાગતો. આજનો માહોલ આ વાત સાથે સંમત થઇ શકે છે ખરો? તો તો આપણને કોઇને આટલી દોડધામ કરવાની જરૂર જ ન હોત ને? માનવીની મહત્ત્વાકાંક્ષાઓનો કોઇ પાર નથી. એનો કોઇ આરો કે ઓવારો નથી. દરિયાના મોજાની જેમ એક પછી એક ઇચ્છાઓ, એક પછી એક શમણાં મનમાં જાગતાં રહે છે. અને એ પૂરા કરવાની આપણી મથામણ આપણને સતત દોડતા રાખે છે. મહત્ત્વાકાંક્ષી હોવું, શમણાંઓ હોવાં એમાં કશું જ ખોટું નથી. શમણાંઓ ન હોત તો તો માનવીએ આજે જે પ્રગતિ કરી છે તે શક્ય જ ન બની હોત.

પરંતુ કોઇ ચિંતકે સાચું જ કહ્યું છે,

‘જીવનમાં બે વસ્તુ મેળવવાનું ધ્યેય રાખવું. પહેલું, તમારે

જે જોઈએ છીએ તે મેળવવું અને બીજું, જે મેળવ્યું છે તેને માણવું.'

બસ, આપણે અહીં જ ભીંત ભૂલીએ છીએ. મેળવ્યા પછી માણવાનો સમય આપણી પાસે નથી રહેતો. પછી નિરાંતે માણીશું એવા ભ્રમમાં આપણે ખરેખર જીવનને માણવાનું ચૂકી જઈએ છીએ.

ક્યાંય વાંચેલું એક ઉદાહરણ યાદ આવે છે.

એક વાર એક મોટો વેપારી એક નાના ગામમાં ધંધા માટે ગયો હતો. એ ગામમાં માછીમારોની વસ્તી વધારે હતી. એકવાર વેપારીએ જોયું કે એક માછીમાર થોડા કલાક કામ કરીને પછી આરામથી સૂતો હતો. વેપારીએ તેને પૂછ્યું :

'તમે દિવસમાં કેટલી માછલી પકડો છો અને કેટલા સમયમાં?'

માછીમાર કહે, 'હું ત્રણ—ચાર કલાકના ગાળામાં જેટલી માછલી પકડાય એટલી માછલી પકડું છું.'

વેપારીને આશ્ચર્ય થયું. તેણે પૂછ્યું,

'બસ ત્રણ—ચાર કલાક જ કામ કરો છો તમે? તો પછી તમારું ગુજરાન કેવી રીતે ચાલે છે? બાકીના સમયમાં તમે શું કરો છો?'

માછીમારે શાંતિથી જવાબ આપ્યો,

'મારું ઘર આટલામાં બરાબર રીતે ચાલે છે. બાકીના સમયમાં અમે થોડો આરામ કરીએ, અમારાં બાળકો સાથે રમીએ, થોડો સમય ઘરમાં પત્ની સાથે ગાળીએ, સાંજે બધાં મિત્રો સાથે મળી નવાં ગીત ગાઈએ અને ગિટાર વગાડીએ કે સંગીત સાંભળીએ, જિંદગીનો પૂરો આનંદ માણીએ.'



વેપારીએ તેને સમજાવતાં કહ્યું,

'શહેરમાં મારી પાસે મારો મોટો બંગલો છે, ગાડી છે, બધું જ છે. છતાં જો હું કેટલી મહેનત કર્યા કરું છું ને? તું પણ આવી રીતે સમય બગાડે એના કરતાં તું વધારે સમય માછલી પકડ અને તેને વેચ તો તને વધારે પૈસા મળી શકે.'

માછીમારે સામો પ્રશ્ન કર્યો,

'તમારી વાત સાચી, પણ વધારે પૈસા કમાઈને પછી હું શું કરું?'

'અરે, વધારે પૈસા કમાઈને તું બીજી બોટ લઈ શકે. એટલે એનાથી પણ વધારે માછલી પકડી શકે અને હજુ વધારે પૈસા કમાઈ શકીશ.'

માછીમારે ફરી એ જ પ્રશ્ન કર્યો.

'પણ પછી હું એટલા બધા પૈસા કમાઈને શું કરું?'

'અરે, તું વધારે પૈસા કમાઈને તું બેની ત્રણ અને ત્રણની ચાર બોટ અને એમ કરતાં કરતાં તારી પાસે એટલા બધા પૈસા થઈ જશે કે તું આ નાના ગામડાની બહાર નીકળી મોટા શહેરમાં રહેવા આવી શકીશ અને તારી પાસે ગાડી—બંગલા બધું થઈ જશે અને પછી તું તારા પરિવાર સાથે આનંદની જિંદગી વિતાવી શકીશ.'

માછીમારે પૂછ્યું, 'અને આ બધું કરવા માટે મને કેટલો સમય લાગશે?'

વેપારી કહે, 'અંદાજે દસ—પંદર વરસ તો ખરાં જ. પ્રગતિ કરવા માટે આટલો સમય કંઈ વધારે ન કહેવાય, પણ બસ જીવનભરનો આરામ.'

'પણ સાહેબ, મારા પરિવાર સાથે હું તો અત્યારે જ

આનંદની જિંદગી વિતાવી રહ્યો છું તો શા માટે હું મારાં દસ–પંદર વરસ વેડફી નાખું?'

આ સાંભળી વેપારી બિચારો મૌન બની વિચારતો રહી ગયો.

આ તો પ્રતીક તરીકે એક ઉદાહરણ છે. કહેવાનો અર્થ એટલો જ કે માનવીએ જો ખરેખર સાચું સુખ અને આનંદ જોઈતાં હોય તો ક્યાંક પૂર્ણવિરામ મૂકવું જ રહ્યું.

એડી રિકન બેકર–પેસિફિક મહાસાગરમાં ખોવાઇ ગયેલા. તેમને કોઇએ પૂછ્યું :

'પેસિફિક મહાસાગરમાં સાથીદારો સાથે એકવીસ દિવસ સુધી તરાપામાં તણાતા રહેવાના અનુભવથી તમને જીવનમાં શું શીખવા મળ્યું?'

તેમણે તુરત જવાબ આપ્યો,

'અનુભવથી હું મોટામાં મોટી અગત્યની વાત એ શીખ્યો કે પીવા માટે તાજું પાણી અને ધરાઇને જમવા જેટલો ખોરાક મળી રહે તો કોઇ ચીજવસ્તુની ફરિયાદ રહેવી ના જોઇએ.'

ઓછું હોવાને કારણે જે અસંતોષ રહે છે એને તો પૂરતું આપીને શાંત કરી શકાય છે; પરંતુ જેને ઓછું જ લાગતું હોય છે એને તો ખુદ ઈશ્વર પણ સંતોષ નથી આપી શક્તો. શું કહો છો દોસ્તો?

**એક જ દે ચિનગારી...**

તમારા માટે લોકો ખરાબ બોલે છે એમ જ્યારે પ્લેટોને કહેવામાં આવ્યું ત્યારે પ્લેટોએ પોતાના મિત્રને કહ્યું, 'હું હવે પછી એવી રીતે જીવવાની વધુ કાળજી લઇશ કે તેઓના કહેવા ઉપર કોઇને વિશ્વાસ જ ન આવે.'



# ''મા'' સર્વેશ્વરીની આંતર યાત્રા

–પ્રો. તરલા દેસાઇ

★ કોઇ પણ વેપારની ખોટ સંતદ્વારે બેસીને જીરવવાની હશે તો આનંદથી–પ્રેમથી જીરવી શકાશે.

★ હરિના જે થવા મથતા તેને હરિ દોડીને મળતા.

★ પ્રયત્ન પણ કરો ને પોકારો પ્રબળ કરો. બન્ને મોરચે લડી લો. ક્યાંક પ્રભુ બહાનું ના કાઢે કે, 'હું તો આવવા તૈયાર હતો પણ તેં પોકારો ક્યાં કર્યા હતા?

★ આપણું જીવન પ્રભુની કૃપાનું જ નિર્ઝર છે.

★ સતત હરિને કહેતા રહો : 'મારું ખોવાયેલું આરોગ્ય પાછું આપો અથવા મને સાજો કરી દો' આ જ મંત્ર!

★ પ્રાપ્ત કર્મ પ્રત્યે આંખમીંચામણાં કદી ન કરવાં.

★ ઘરના કલહમાં મૌન રાખવું. તક મળ્યે બહાર મંદિરે જઇ આવવું, ત્યાં જઇને શિવજીને વઢી આવવું, 'કેમ મને મદદ કરતા નથી?'

★ હે પ્રભુ! પાંપણ જેમ આંખની રક્ષા કરે તેમ સતત સહજ રક્ષા કરી છે. એક ક્ષણ રીસમાં પણ પોતાનું છત્ર હઠાવતા નથી. તારી કેવી કરુણા!

★ 'મા' અધિકારી ઉપર તો વર્ષણ કરે જ.

★ સંતવાણી નિષ્ફળ જતી નથી, કોઇક જન્મે તો જાગ્રત કરે જ.

★ મનનું કાયમી સરનામું પ્રભુસ્મરણ રાખવું.

★ આખું જગત ક્ષણજીવી આનંદમાં મહાલે છે. હે પ્રભુ! આ બધાંને શાશ્વત આનંદ આપ.

★ બધા જ ગાળિયાથી ચેતો. સ્વજનો, મિત્રો, ગુરુ સર્વનાં વળગણોથી છૂટો.

★ બધાંને બધાં વિના ચાલે પણ આત્માને આત્મા વિના ન ચાલે.

★ આ આપત્તિથી અનેક જનમોનાં કર્મફળ ભોગવાઈ ગયાં એમ માનો. કોઈ નિર્ણય મજબૂરીથી નથી લેવાનો.

★ પ્રભુના દિવ્ય ભાવને આપણા તોલમાપથી ન માપવા.

★ પ્રવૃત્તિ શાંત કરવી એ જ શાધના છે. સંસારને સમેટતા રહેવું. સતત વિસ્તારથી વિરામ.

★ સ્થૂળ સેવાની જરૂર નથી. જાગતાં—ચેતતાંય સદ્‌ગુરુની પ્રેમભક્તિ થયા કરે.

★ અંબાજીની દર પૂનમ ભરવા ખાતર ભરવી તેના કરતાં દર પૂનમે તમારા શહેરના અંબાજીના મંદિરમાં જપ કરતાં—કરતાં ઘરેથી ચાલતા જાઓ અને મંદિરમાં બેસીને ચંડીપાઠ કરો તો પણ કલ્યાણ તો થાય જ.

★ સ્થૂળ રીતે સંતને મળવાનો નિયમ લેવો એના કરતાં પણ નિયમનો એક ઊંચો વર્ગ છે, સંત પ્રત્યક્ષ ન મળે ત્યાં સુધી જપ વધારો, પાઠ વધારો ને દરેક દર્શને તે નિયમ વધારતા જાઓ તો સાધનામાર્ગે ધારેલી પ્રગતિ થાય.

★ પ્રભુ હું વાંચીશ, તમે યાદ કરાવજો.

★ આંખને ગમે તેવા વિષયનો ચારો શું કરવા આપવો?

★ સતત કાતર ચલાવતાં રહેશે. સ્વજનો—પરિવાર



આંગણા સુધી જ છે.

★ 'મા' પાસે આવતાં બાળકો વહાલની કેટલી મોટી સંપત લઈને જીવે છે!

★ હર એક પદાર્થ યથાસ્થાને બિરાજી આપની આજ્ઞાનું પાલન કરે છે એટલે હે હરિ! સૃષ્ટિના સર્વ પદાર્થોનો સન્માનપૂર્વક ઉપયોગ કરું એવી સમજણ આપો.

★ ફળો ચિત્રોમાં જોઈએ અને ખાઈએ તેમાં ફેર. તેમ સદ્‌ગુરુનું સ્વરૂપ જોઈએ અને તેમનું પ્રત્યક્ષ દર્શન કરીએ એમાં ઘણો ફેર.

★ સૌ પોતાનાં કર્મફળ ભોગવે છે. આપણી ફરજ માત્ર પ્રાર્થના કરવાની છે.

★ ગુરુ ક્રમે ક્રમે સદ્‌ગુરુ, પરમગુરુ ને જીવનસર્વસ્વરૂપે બિરાજે.

★ હે હરિ! તારે જે સાંભળવું હોય તે બોલાવજે.

★ 'મા' પાસે બે હાથ, બે પગ છે માટે ભક્તો એમનામાં શ્રદ્ધા રાખવાને બદલે સતત આવરણ, સતત વિક્ષેપો, સતત પ્રશ્નોમાં ગોથાં ખાયા કરે, વિચારે, 'આ તે કંઈ ''માં'' છે? જાવ નથી જવું એમની પાસે.' અરે! 'મા'ને ગરજ છે એવુંય માનવા માંડે.

★ એક મન સતત મૌન એકાન્ત જ ઇચ્છે છે. પૂજ્યશ્રી જાણે કહે છે : 'સર્વેશ્વરી, તું ઘરમાં આવ.' હરિ કરે છે નિત્ય પોકાર. મનનેય થાય' 'તું શા માટે ભક્તોની પાછળ પાગલ થાય છે? એના કરતાં જપ કર. મૌન લે. શાંતિથી જીવ.'

★ 'ચહો ને સહો' આ 'મા'નો મુદ્રામંત્ર બન્યો છે.

★ પ્રભુપ્રવાસીને સંકટ તો આવે પણ એના હેતુ પરમ કલ્યાણકારક.

★ ગંગાજીનો કેવો પ્રભાવ! વિચારો આવતા જ નથી.

★ હરિના જે થવા મથતા હરિ ત્યાં દોડીને મળતા.

★ એક કીડી સરખી પણ આસક્તિ મનમાં ન રાખો.

★ બાળકની આસક્તિમાં પડી, બાળકને આસક્તિમાં પાડવાનું દુષ્કૃત્ય ન કરો.

★ પ્રભુ જેટલું આપે તેટલું સામે ધરવાનું ઋણ પણ વધતું જાય.

★ 'મા'ના દરબારમાં આપનાર—લેનારનો અભેદ છે. એ માટે તો 'મા' બેઠાં છે.

★ 'મા'ને જ જુઓ ને 'મા'ને જ સાંભળો.

★ ઈસુ ખ્રિસ્તનું સ્મરણ કરવું. એમને તો જીવતાં જ ખીલા ઠોકવામાં આવેલા. એવી વેદના તો તમને નથી ને?

**સંદીપ વેલ્ડીંગ વર્ક્સ**

**ગ્રીલ, દરવાજા, તેમ જ મેઈન ગેટના સ્પેશ્યાલીસ્ટ**

તેમ જ

**દરેક જાતનું રીપેરીંગ કામ કરનાર.**

મોદી બંગલા, ઉમરા જકાત નાકા પાસે, **સુરત**-૩૯૫૦૦૭



# જૂઠી જગતની પ્રીત

—હરિનો મારગ

એક ગામમાં મહાત્મા કથા કરતા હતા. ગામના નગરશેઠનો પુત્ર રોજ કથા સાંભળવા આવતો. પરંતુ છ વાગે કે ઊઠીને જતો રહેતો. મહાત્માએ એક દિવસ તેને બોલાવીને પૂછ્યું, 'તમે કથામાંથી કેમ વહેલા ચાલ્યા જાવ છો? કથામાં રસ પડતો નથી શું?'

છોકરાએ કહ્યું : 'મહારાજ! રસ તો પડે છે. પણ મારાં માતા—પિતાનો હું એકનો એક પુત્ર છું. હું જરા મોડો પડું તો તેઓ ચિંતા કરે અને મને શોધવા નીકળી પડે. તમે કથામાં વારં—વારે કહો છો કે, 'આ જીવનું પરમાત્મા સિવાય કોઈ નથી. એ તો તમને આગળ—પાછળ કોઈ નહિ એટલે એવું બોલો છો. તમને સંન્યાસીને સંસારીઓના પ્રેમની શી ખબર પડે? બાકી મારી પત્ની મારા માટે પ્રાણ આપે એવી છે. મારાં માતા—પિતાનો પણ મારા ઉપર એવો જ પ્રેમ છે. તેથી હું વહેલો જાઉં છું.'

મહાત્માએ કહ્યું : 'ચાલો. આપણે તે પ્રેમની પરીક્ષા કરીએ. લે આ જડીબુટ્ટી. ઘેર જઈને તે લેજે. તે લેવાથી શરીરમાં ખૂબ ગરમી આવશે અને તને તાવ જેવું લાગશે, હું તારી દવા કરવા આવીશ. પછી જે થાય તે તું જોયા કરજે.'

છોકરાએ તે પ્રમાણે કર્યું. શરીરમાં ગરમી વધી. ખૂબ તાવ આવ્યો, સૌ ચિંતામાં પડ્યાં. ડોકટરો આવ્યા, વૈદ્યો આવ્યા પણ તાવ ના ઊતર્યો. વૈદ—ડોકટરો છૂટી પડ્યા. તે સમયે પેલા

મહાત્મા ત્યાં આવ્યા, કહ્યું : 'બીમારી ભયંકર છે. તમારા કોઇ શત્રુએ મૂઠ મારી છે.

'મહારાજ! મૂઠનો કોઇ ઉપાય?' નગરશેઠે ચિંતાતુર અવાજે પૂછ્યું.

'શેઠ! ગુરુકૃપાથી હું મૂઠ ઉતારી શકું છું પણ પછી તે મૂઠ બીજા ઉપર આવે છે.'

મહાત્માએ તો એક વાટકીમાં પાણી મંગાવ્યું અને છોકરા ઉપરથી બે–ત્રણ વાર ઉતાર્યું. પછી કહ્યું : 'મંત્રશક્તિથી મૂઠ હવે આ પાણીમાં આવી ગઇ છે. આ પાણી કોઇ પી જાય એટલે છોકરો સારો થઇ જશે.'

બધાંએ પૂછ્યું : 'આ પાણી પીનારનું શું થાય?'

મહાત્માએ કહ્યું : જે આ છોકરાનું થવાનું હતું તે પાણી પીનારનું થાય. એનું અચ્યુતમ્ કેશવમ્ થઇ જશે, પણ છોકરો બચી જશે'

બધાં એકબીજાના મોં સામે જોવા લાગ્યાં. કોઇ પાણી પીવા તૈયાર ન થયું. મહાત્માએ છોકરાની માને કહ્યું : 'તમે આ મંત્રેલું પાણી પી જાવ.

માએ કહ્યું : 'મારો લાડકો બચતો હોય તો મને પાણી પીવામાં વાંધો નથી. પુત્રને માટે આ પ્રાણની શી વિસાત છે પણ હું પતિવ્રતા સ્ત્રી છું. મારા મરણ પછી આ બિચારા ડોસાનું કોણ? એમની ચાકરી કોણ કરે? એટલે મારાથી પાણી ન પીવાય.'

મહાત્માએ પિતા સામે જોયું. નગરશેઠ પણ એં એં પેં પેં કરવા લાગ્યા : 'હું મરવા તૈયાર છું પણ પછી બિચારી આ ડોસીનું શું થાય? મારા વગર તે જીવી શકશે નહિ.'

મહાત્માએ કહ્યું : 'બંને અર્ધું અર્ધું પાણી પી જાવ. બંનેનો



સાથે વરઘોડો કાઢીશું.'

'એમ કરો. વહુને પાણી પાવ.' ડોસા–ડોસીએ ગાળિયું કાઢ્યું.

છોકરાની પત્નીએ કહ્યું : 'બા! તમે હવે ઊતરી ગએલાં છો. કાંઠે આવ્યાં છો. બધું ભોગવી લીધું છે. હું તો હજી નાની છું. હજી મારે માણવાનું બાકી છે. માટે તમે જ પી જાવ ને!'

આમ કોઇ પાણી પીવા તૈયાર ન થયું. છેવટે સૌ મહાત્માને કહેવા લાગ્યા : 'મહારાજ! તમે પાણી પી જાવ. તમારી પાછળ કોઇ રડનાર નથી. મહાત્માઓનો તો જન્મ જ પરોપકાર માટે છે. તમારી પાછળ દર વર્ષે ભંડારો કરીશું.'

ભંડારો કરીશું એટલે શું? લાડવા કરીને ખાઇશું.

મહાત્માએ કહ્યું : 'ભલે.' મહાત્મા પાણી પી ગયા, છોકરો પથારીમાં પડ્યાં પડ્યાં આ બધું નાટક જોતો હતો. તેને સંસાર અસંસાર છે, સંસારના સર્વ સંબંધો જૂઠા છે તેનો અનુભવ થઇ ગયો. તે ઊઠીને મહાત્મા સાથે ચાલી નીકળ્યો. મહાત્માને કહ્યું : મહારાજ! તમારી વાત સાચી છે. આ જગતમાં કોઇ કોઇનું નથી. સ્વાર્થ માટે આ બધા સંબંધો જોડાય છે. જીવનો સાચો સંબંધ ઈશ્વર સાથે જ છે.'

જગતમાં સૌ કોઇ જાણે છે કે દરેકે એકલા જ જવાનું છે. કોઇ સાથે આવવાનું નથી. અરે, જે કાયાનું આખું જીવન આટલું બધું જતન કરો છો તે કાયા પણ સાથે આવતી નથી.

**ધન–દોલત જ્યાંનાં ત્યાં રે'શે,**
**નારી આંગણિયેથી વળશે,**
**મસાણ સુધી બાંધવ ભળશે,**
**કાયા રાખ બનીને ઢળશે,**

**વિયોગ સૌ વ્હાલાંના પડશે, છૂટશે જ્યારે પ્રાણ,**
**મનવા! રામ ભજો નિરવાણ...**

સઘળું સમજવા છતાં માનવી સંસારની આસક્તિ છોડી શકતો નથી. લૌક્કિ સંબંધોમાં ફસાએલો રહે છે. અને 'સાચો સગો શામળિયો,' એ વિસરી જાય છે.

પ્રેમ કરો તો પરમાત્મા સાથે કરો.

---

માનવનો પ્રેમ અનેક જગ્યામાં વિખરાયેલો છે, ખંડિત થયેલો છે. માનવનો પ્રેમ કપડાંમાં છે, સ્રીમાં છે, પૈસામાં છે, ઘરમાં છે, અનેક જગ્યાએ વિખરાયેલા પ્રેમને ભેગો કરીને તે પરમાત્માને અર્પણ કરો. જગતનો તિરસ્કાર ન કરો, પણ જગત બહુ પ્રેમ કરવા લાયક પણ નથી તે યાદ રાખો. તમે જે જીવ સાથે વધારે પ્રેમ કરશો તે જ તમારા દુઃખનું કારણ થશે. માનવ બહુ પ્રેમ કરવા લાયક નથી. જીવ ક્યારે દગો કરશે તે કહેવાય નહિ.

★ આપણે જ છાશ આપવામાં ઢીલ કરીએ છીએ બાકી સંતો એને વલોવી માખણ આપવા ઉત્સુક હોય છે.
★ લાખ પ્રશ્નોનો એક જ જવાબ : 'પ્રભુની ઇચ્છા' આપણે શું?
★ સર્વ વળગણો છૂટે, ઓરડો ખાલી થાય તો પ્રભુ આવે.



# મૃત્યુઃ અનિવાર્ય છે ત્યારે...

–સ્વામી વિદિતાત્માનંદજી
પંચામૃત–ફૂલછાબમાંથી આભાર

## મૃત્યુ : અનિવાર્ય ઘટના

**આ**પણાને પ્રશ્ન થાય કે જેમને આત્મા અને અનાત્માનો વિવેક છે તેમને શોક થતો નથી, પરંતુ અમે તો હજું એ કક્ષાએ પહોંચ્યા નથી. અમારી દૃષ્ટિએ જન્મ અને મૃત્યુ સાચાં જ છે, તો પછી કોઈના મૃત્યુથી શોક તો થાય જને! અમારી પ્રિય વ્યક્તિના મૃત્યુથી અમારા જીવનમાં ખોટ તો પડી જને? આત્મા અમર હોવા છતાં સ્વજનની એ ખોટ શું પુરાવાની છે? હવે અમને એ સ્વજનનો સહવાસ, એની હૂંફ શું ફરી મળવાનાં છે? આત્મા અમર હોય તોપણ અમારા જીવનમાં તે શું કામ લાગવાનો છે? આ એક દેહ સાથે સંકળાયેલો હતો, જીવંત હતો, હાલતોચાલતો–બોલતો હતો તે આત્મા તે રીતે તો અમને ઉપલબ્ધ નથી જને? તે વ્યક્તિને કારણે જે આશ્વાસન હતું, સુરક્ષા હતી તે તો હવે અમને પ્રાપ્ત ન જ રહીને? તેની પાસે અમારી કેટલી બધી અપેક્ષાઓ હતી, તેનું જીવન કેટલું આશાસ્પદ હતું, એ તો બધું છીનવાઈ જ ગયુંને? આત્મા અમર છે એ જ્ઞાનથી આ બધી વ્યાવહારિક પરિસ્થિતિમાં શો ફેર પડવાનો છે?

ભગવાન કૃષ્ણ આનો ઉત્તર આપતાં કહે છે કે જો જન્મ અને મૃત્યુને વાસ્તવિક માનવામાં આવતાં હોય તો પણ શોકનું કોઈ કારણ નથી, કારણ કે જેનો જન્મ છે તેનું મૃત્યુ અવશ્ય છે.

એટલું જ નહીં, પરંતુ જેનું મૃત્યુ છે તેનો જન્મ પણ અવશ્ય છે. અર્થાત્ જન્મ અને મૃત્યુ એ નિયત ઘટનાઓ છે. તેને કોઇ બદલી શકે તેમ નથી. મૃત્યુનું કોઇ નિવારણ કરી શકે તેમ નથી. વળી, મૃત્યુ અનિશ્ચિત છે. કોનું મૃત્યુ ક્યારે થાય એ કોઇ કહી શકે નહીં. શંકરાચાર્યજી કહે છે કે જેમ કમળપત્ર પર રહેલું જળનું બિન્દુ અત્યંત ચંચળ છે, ક્યારે એ સરી પડશે તે કહી શકાય નહીં, તેમ માનવીનું જીવન અત્યંત ચંચળ છે, અસ્થિર છે અને ક્યારે એ સરી પડશે તે કહી શકાય નહીં, ક્યારે એ જીવનજ્યોત બુઝાઇ જશે એ કહી શકાય નહીં. જીવનનો આ નિયમ છે તે સ્વીકારવો જ રહ્યો. કુદરતના નિયમોને આપણે બદલી શકતા નથી. મૃત્યુ એ અનિવાર્ય ઘટના છે અને જે અનિવાર્ય છે તેનો શોક કરવો યોગ્ય નથી.

જેને આપણે બદલી શકતા નથી તેના વિશે શોક કરવાથી પણ શો ફાયદો? શું શોક કરવાથી મૃત વ્યક્તિ પુનર્જીવિત થવાની છે? શોક કરવાથી પરિસ્થિતિમાં ફેર પડવાનો છે? જે ખોટ પડી છે કે જે અરમાનો અધૂરાં રહ્યાં છે તે શું શોક કરવાથી પુરાવાનાં છે? મૃત્યુ અનિવાર્ય ઘટના છે. મૃત્યુ પછીના જે સંજોગો ઉત્પન્ન થાય છે તે ટાળી શકાય તેવા નથી, તો પછી શોક કરવાથી શો અર્થ સરવાનો છે? તેનાથી મૃતાત્માને કોઇ મદદ થવાની નથી કે નથી થવાની મદદ તેની પાછળ રહેનારાઓને. સ્વજનના મૃત્યુથી જે કપરા સંજોગો સર્જાયા છે તે તો કંઇક ઉદ્યમની અપેક્ષા રાખે છે. આ સંજોગોનો સામનો કરવા માટે કોઇ સક્રિય પગલાં લેવાની આવશ્યકતા છે. માણસ જો શોકમાં ડૂબી જાય તો કંઇ પણ કરવાની શક્તિ અને હિંમત તે ગુમાવી બેસે છે. અર્જુન જેવો શક્તિશાળી પુરુષ પણ જ્યારે શોકને તાબે



થઇ ગયો ત્યારે બધી જ શક્તિ જાણે કે ગુમાવી બેઠો. તેનું ધનુષ્ય તેના હાથમાંથી સરી પડ્યું અને તે પોતાના રથમાં ફસડાઇ પડ્યો. આમ, હૃદયની દુર્બળતારૂપી શોકથી કોઇ ફાયદો તો નથી જ થતો, ઉપરથી તેનાથી નુકશાન જ થાય છે. આથી વિવેકી મનુષ્યો જે હજુ જીવિત છે અર્થાત મૃત વ્યક્તિ સાથે સંકળાયેલા સ્વજનો છે તેમના વિશે પણ શોક કરતા નથી, એટલે કે તે પરિસ્થિતિને શોકયોગ્ય ગણતા નથી.

કોઇ કહે કે અમે અમારા વિશે શોક કરતા નથી, અમે તો જેનું મૃત્યુ થયું છે તેના વિશે શોક કરીએ છીએ તેનું શું થયું હશે? મર્યા પછી તે કઇ યોનિમાં જશે? જીવન માણવાની તેની ઉંમર હતી અને આવી કાચી વયે તે ચાલ્યો ગયો એ કેવો આશાસ્પદ યુવાન હતો, જીવ્યો હોત તો કેટલું સારું થાત? તેને પોતાને કેટલાં અરમાન હતાં અને હવે એનાં એ બધાં અરમાન અધૂરાં રહી ગયાં!

હા. વાત સાચી છે કે જો તે વ્યક્તિનું મૃત્યુ ન થયું હોત તો પરિસ્થિતિ કંઇક જુદી હોત પરંતુ હવે તો જે થઇ જ ગયું છે તેને બદલી શકાય તેમ નથી અને માટે તેનો શોક કરવો યોગ્ય નથી. જીર્ણ વસ્ત્રોનો ત્યાગ કરીને માણસ જેમ નવાં વસ્ત્રો ગ્રહણ કરે છે તેમ જીવાત્મા પણ જીર્ણ થયેલા દેહનો ત્યાગ કરીને નવો દેહ ગ્રહણ કરે છે. કારણકે જેનું મૃત્યુ થયું છે તેનો જન્મ અવશ્ય છે તેથી તેને નવો દેહ મળવાનો જ છે.

★ પ્રણામ આત્મવિસ્મૃતિ કરાવી પ્રભુ સાથે સંપૂર્ણ એકત્વ સાધી આપે છે.

# નિવૃત્તિવેળાએ

—જ્યોતિબેન થાનકી

''રમણભાઇ, હમણાં હમણાં કેમ ઉદાસ રહો છો? શું કોઇ ચિંતા છે?'' રમણભાઇને થોડા દિવસોથી ચિંતાગ્રસ્ત જોઇને તેમનાં મિત્ર શાંતિભાઇએ પૂછ્યું.

હા, આમ તો ચિંતા કોઇ વાતની નથી. ઉદય હવે સ્થિર થઇ ગયો છે. ઇશ્વરકૃપાથી તેની પત્ની ગીતા પણ સંસ્કારી છે. મીતા તેના સાસરે સુખી છે. બીજી કોઇ જવાબદારી નથી. રહેવા માટે સોસાયટીમાં ઘર બંધાવી લીધું, એટલે એ ય પ્રશ્ન નથી. પણ છતાં મને ચિંતા થયા કરે છે, અને તે એ કે આ જૂનમાં મારી નોકરી પૂરી થઇ જશે. અઠ્ઠાવન વર્ષ પૂરાં થાય છે. એટલે એ પછીનો વિચાર કરું છું. અને ચિંતામાં ડૂબી જાઉં છું. અત્યાર સુધી તો સવારના દશ વાગે ઘરેથી નીકળી જાઉં છું, ને સાંજે ૬ વાગ્યે ઘરે આવું છું, પણ થાકી ગયા હોઇએ, એટલે જમી—પરવારીને, થોડા સમાચાર, એકાદ સિરિયલ જોઇને ઊંઘી જવાનું, પણ પછી આખો દિવસ ઘરમાં કેમ જશે, એ વિચારે મને મૂંઝવણ થાય છે.'

''રમણભાઇ, હજુ તો તમે પૂરા સશક્ત છો. તમે કામ કરી શકો તેમ છો, તો કોઇ ખાનગી કંપનીમાં કામ શોધી લેવું, જેથી સમયનો ઉપયોગ પણ થાય, કંટાળો પણ ન આવે, અને તમારી આવડતનો લાભ પણ મળે.''

''હા, હું એવું વિચારું છું, પણ ઉદય અને તમારાં બહેન ના પાડે છે કે જિંદગી આખી કામ કર્યું, હવે બસ નિરાંતે રહો.



ભગવાને હવે તમને તક આપી છે, તો તમે કમાવાની ચિંતા છોડી, તમને ગમે તેવી પ્રવૃત્તિ કરો. પણ હવે આ ઉંમ્મરે એવી કઇ પ્રવૃત્તિ થઇ શકે? જેમ વિચારું છું, તેમ ગૂંચવાઉં છું.''

ભલા માણસ, હજુ તો છ મહિનાની વાર છે, ત્યાં સુધીમાં તો તમે તમને મનગમતી પ્રવૃત્તિ શોધી જ શકશો. અત્યારથી તેની ચિંતા છોડો, નહીંતર નિવૃત્ત થવાં પહેલાં જ નંખાઇ જશો. આમ આશ્વાસન આપીને શાંતિભાઇ ગયા. પણ રમણભાઇની ચિંતા ઓછી ન થઇ. ખરેખર સમાજમાં રમણભાઇ જેવા કેટલાય માણસો છે કે જેઓ નિવૃત્તિ અંગે ચિંતિત છે. એવા દરેકનો પ્રશ્ન છે કે 'નિવૃત્તિ શા માટે?'

સરકારના કાયદા પ્રમાણે પહેલાં પંચાવન વર્ષે અને હવે અઠ્ઠાવન વર્ષે નોકરીમાંથી નિવૃત્તિ મળે છે. ખાનગી સંસ્થાઓના સાઠ વર્ષ અને કોલેજમાં બાસઠ વર્ષ સુધી કર્મચારીઓ કાર્ય કરી શકે છે. અમેરિકામાં અને યુરોપના દેશોમાં નિવૃત્તિ વય પાંસઠ વર્ષની છે, કેમકે ત્યાંની આબોહવા, આરોગ્ય વિષયક વાતાવરણ, લોકોની શરીર પ્રત્યેની સભાનતા, પૌષ્ટિક આહાર ને પરિણામે યુરોપ—અમારિકામાં લોકોનું સ્વાસ્થ્ય ઘણું સારું રહે છે. ત્યાં વૃદ્ધાવસ્થા મોડી આવે છે. જ્યારે ભારતમાં સાઠ વર્ષે તો માણસ વૃદ્ધ થઇ જાય છે. આથી આપણે ત્યાં અઠાવન અને હવે સાઠ વર્ષનો નિવૃત્તિકાળ રાખવામાં આવ્યો છે. એ સમયે શરીરની શક્તિઓ ક્ષીણ થવા લાગે છે, કર્મેન્દ્રિયોની કામ કરવાની શક્તિ મંદ પડી જતી હોય છે. આંખે મોતિયાની શરૂઆત, કાને બહેરાશ, સાંધામાં દર્દ, આ બધાંની શરૂઆત આ સમયકાળમાં થવાથી કાર્યક્ષમતા ઘટી જાય છે. વ્યક્તિને કામ

કરવામાં થાક લાગે છે, વધારે કામનો બોજો લાગે છે, વાત વાતમાં ભૂલી જવાની પ્રક્રિયા શરૂ થઇ જાય છે, આથી સરકારી કાયદા પ્રમાણે વૃદ્ધાવસ્થાની શરૂઆત થાય એટલે નોકરીમાંથી નિવૃત્ત થવાની ૫૮ વર્ષની વય નક્કી કરવામાં આવી છે.

આપણે આપણા ભારતવર્ષના પ્રાચીન આદર્શ પ્રમાણે જોઇએ તો આ વય બરાબર છે. આપણા ઋષિઓએ ચાર પ્રકારના આશ્રમમાં સમગ્ર જીવનની વહેંચણી કરી દીધી છે. વેદમાં મનુષ્યનું નિરામય તંદુરસ્ત આયુષ્ય સો વર્ષનું ગણવામાં આવેલું છે. જો મનુષ્ય પોતાની માનસિક અને શારીરિક શક્તિઓનો દુરુપયોગ કર્યા સિવાય, કુદરતની સાથે રહીને જીવે તો મનુષ્ય સો વર્ષ સુધી તંદુરસ્ત જીવન જીવી શકે એ વાત આપણા ઋષિમુનિઓએ માત્ર કરી જ નથી પણ પોતાના જીવનમાં તેનું આચરણ કરીને તે સાબિત કરી આપી છે. ઈશ્વરને પ્રાર્થના કરતાં ઋષિઓ કહે છે; પશ્યેમ શરદઃ શતં, જીવેમ શરદઃ શતં, શ્રુણુયામ શરદઃ શતં, પ્રબ્રવામ શરદઃ અદીનાઃ શ્યામ શરદઃ શતં, ભૂય શરદઃ શંતાત્ (યજુર્વેદ ૩૬-૨૪)

અમે સો વરસ સુધી જોઇએ, અમે સો વરસ જીવીએ, અમે સો વર્ષ સુધી સાંભળીએ, સો વરસ સુધી બોલી શકીએ. સો વર્ષ સુધી દરિદ્ર ન રહેતા સ્વતંત્ર પણ જીવી શકીએ અને આ રીતે સો વર્ષથી પણ વધારે જીંદગી મેળવીને આનંદમાં રહી શકીએ.'' આ વેદમંત્રોની ઋચાઓ દ્વારા આંખ, કાન, મુખ, બધી ઈન્દ્રિયો સો વર્ષ સુધી કાર્યરત રહે, તેવી પ્રાર્થનાં કરવામાં આવી છે. તે સમયે સો વર્ષનું આયુષ્ય અને તે પણ પરાધીન કે દરિદ્ર નહીં, પણ સ્વતંત્ર, સમૃદ્ધ અને કાર્યરત હતું. મનુષ્યની કર્મેન્દ્રિયો છેક



સુધી કાર્યરત રહી શકે એવી ક્ષમતા તેનામાં મૂકેલી છે, એવું આ વેદમંત્રો દ્વારા જાણી શકાય છે. પરંતુ આજના આ યુગમાં આ ક્ષમતા આપણે ગુમાવી દીધી છે. સો વર્ષના આયુષ્યની વાત તો ઘણી જ દૂરની રહી, પણ સાઠ વર્ષ પછી માણસ થાકી જાય છે, કર્મેન્દ્રિયો સાથ આપતી નથી. પરાધીનતા આવી જાય છે. આવી રીતે જીવનથી, શરીરથી, પોતાના મનથી થાકી ગયેલો મનુષ્ય પોતાને નકામો માનીને મૃત્યુની ઝંખના કરવા લાગે છે.

આપણા શાસ્ત્રોમાં જીવનને ચાર આશ્રમોમાં વહેંચી દેવામાં આવ્યું છે. બ્રહ્મચર્યાશ્રમ, ગૃહસ્થાશ્રમ, વાનપ્રસ્થાશ્રમ અને સંન્યસ્તાશ્રમ. પ્રથમ આશ્રમ એ વિદ્યાભ્યાસનો કાળ, બીજો આશ્રમ – ધન સંપત્તિનું ઉપાર્જન, કુટુમ્બ પરિવારનું સંવર્ધન કરવાનો કાળ – આ બે આશ્રમોમાં ૫૦ વર્ષ સુધી જ્ઞાન અને કર્મની ઉપાસના છે. શક્તિથી સંપન્ન મનુષ્ય આ બે આશ્રમોમાં સતત પ્રવૃત્તિમય રહીને ધન, નામ ને યશની પ્રાપ્તિ કરે છે. એ પછી આવે છે, ત્રીજો આશ્રમ – વાનપ્રસ્થાશ્રમ. ૫૦ વર્ષથી ૭૫ વર્ષનો એનો સમયગાળો ગણવામાં ગૃહસ્થધર્મની જવાબદારીઓમાંથી મુક્ત થઇને ઈશ્વરાભિમુખ થવાનું કાર્ય કરવાનું રહે છે. અને છેલ્લાં પચીસ વર્ષ તો મોક્ષની પ્રાપ્તિ માટે સંન્યાસગ્રહણ કરી બધા દુન્યવી બંધનોમાંથી મુક્ત થઇને, વનમાં જઇ ભક્તિ કરવાની રહે છે. આ આપણું પ્રાચીન દર્શન છે, જેમાં ઋષિઓએ જીવનના ચાર તબક્કાઓના કાર્યોની વ્યવસ્થિત વહેંચણી કરેલી છે. પરંતુ આજના યુગમાં તો આ રીતે રહેવું શક્ય નથી, અને પૂરાં સો વર્ષનું જીવન પણ નથી. વાનપ્રસ્થ સ્વીકારીને જંગલમાં જઇ તપ કરવું એ પણ આજના યુગમાં

શક્ય નથી. એ સમયે તો વન ઉપવન ઋષિકુળોથી ધમધમતાં હતાં. ત્યાં બધી સગવડો હતી. સાધનાકીય વાતાવરણ હતું. ઋષિઓનું સાન્નિધ્ય અને માર્ગદર્શન હતું, જ્યારે આજે? એવા વનો પણ નથી રહ્યાં કે એવા આશ્રમો પણ નથી રહ્યા. આથી નિવૃત્તિનો કાળ જન સમાજની વચ્ચે જ વીતાવવાનો રહે છે. એ માટે દરેકે પચાસ વર્ષ પછી વાનપ્રસ્થ માટેનું આયોજન વિચારવું જોઈએ કે જેથી જીવનનો આ સૌથી મહત્ત્વનો તબક્કો આનંદમય, પ્રેમમય અને સંવાદિતામય વીતે.

વિજય કનેરીયા : ૯૮૨૪૨૧૫૨૬૭, સ્મિતાબહેન : ૯૪૨૮૧૫૬૫૨૩

હાશ®

મગફળી, તલ, ટોપરા, દાળીયાની ચીકી

★ કનેરીયા એન્જીનીયરીંગ વર્કસ ★

ભક્તિનગર, રેલ્વે સ્ટેશન ચોક, રાજકોટ–૩૬૦૦૦૨

✻ સ્થાપત્ય કન્સ્ટ્રક્શન ✻

પ્રો. મનીષ હરિભાઈ ભોજાણી,

બિલ્ડર્સ એન્ડ ડેવલપર્સ,

મધુર કોમ્પ્લેક્ષ, શનાળા રોડ, મહારાજા ટાઈલ્સ સામે,

મોરબી–૩૬૩૬૪૧.

ફોન : (ઓફિસ) ૨૨૧૩૮૧, (રહેઠાણ) ૨૩૦૨૨૨.



# અંદરનો જો ''મારગ'' મળી જાય તો જીવન ધન્ય બની જાય

–માણેકલાલ પટેલ

છાપામાં એક જાહેરાત વાંચેલી : ''મંદિર બનાવવા માટે લોન આપવામાં આવશે.''

ફરી ફરીને વાંચેલું તો જાહેરાતના શબ્દો તો આ જ હતા. મંદિર માટે લોન? વિચારમાં પડી જવા જણાયેલું. લોનને અને ધંધાને સંબંધ છે અને મંદિર એ કોઈ ધંધો તો છે નહીં તમે પણ આ વાંચીને વિચારમાં તો પડી જ ગયા હશો.

મારા એક સ્વર્ગસ્થ મિત્ર કે જે ખેતીવાડી અધિકારી હતા એ મને હસવામાં ઘણીવાર કહેતા : ''બીજું કંઈ કરાય જ નહીં, જાહેર રસ્તા પર એક નાનું મંદિર બનાવીને બેસી જવાય!''

એક માતાજીના મંદિરમાં ક્યાંકથી ફરતા ફરતા એક સાધુ આવીને રોકાયેલા. બોલે બહુ ઓછું. આખો દિવસ બસ બેઠા જ હોય. ધીમીધીમે ગામના કેટલાક લોકો એમની પાસે બેસવા માંડ્યા. એ સાધુનાં વખાણ પણ થવા લાગ્યાં. પછી ખબર પડી કે એ ઘણા લોકોને વરલી મટકાના આંકડા આપે છે અને ખાનગી રીતે ગાંજાનો વેપાર પણ કરે છે. કેટલાકે વિરોધ કરી એ મંદિરના પૂજારીને ફરિયાદ કરી અને પેલા સાધુને ત્યાંથી કાઢવા જણાવ્યું ત્યારે પૂજારીએ એ જવાબ આપેલો તે સમજવા જેવો છે. પૂજારીએ કહેલું : ''એણે ભગવાં પહેર્યાં છે અને હું ભગવાનો વિરોધ નહીં કરું.''

અહીં સમજવા માટે મંદિર અને સાધુની વાત વર્ણવી છે અને આગળ પણ વર્ણવીશું, પણ આ વાત દરેક ધર્મનાં આસ્થા કેન્દ્રો અને રસ્તે રઝળતા એવા કેટલાક સાધુ—બાવા, ફકીર—ઓલિયા કે એવા કોઈ કે જે ધર્મના ઓઠા હેઠળ લોકોને ગુમરાહ કરી ધંધો કરી બેઠા છે એ બધાંને લાગુ પડે છે, એમ જ સમજવું રહ્યું.

આ બધાં ઉદાહરણો આપણા માનસમાં ખીલાની જેમ જડાઈ ગયેલી આપણી ભીરુ માનસિકતા છતી કરે છે. અહીં મંદિર કે કોઈ શ્રદ્ધાનાં કેન્દ્રો કે સાધુઓ કે કોઈપણ ધર્મના ભેખધારીઓનો વિરોધ નથી પણ વિરોધ તો એના વિશે આપણામાં સંગ્રહાયેલી ખોટી માન્યતાઓનો છે. કંઈ જાણ્યા કે સમજ્યા વિના આપણે પૂર્વગ્રહોથી પીડાઈએ છીએ. મનમાં કેટલીક એવી ગ્રંથિઓ બંધાતી હોય છે કે જે જલદી છૂટતી નથી. એમાંય, અધ્યાત્મને તો એમાં નહાવા—નિચોવવાનો ય સંબંધ નથી એમ કહીએ તો ચાલે. અને આ બધું ચાલતું રહે તેમાં આપણને કોઈ વાંધો પણ હોતો નથી જે કોઈપણ ધર્મની નહીં પણ આપણી કમનસીબી છે.

મંદિર અને સંન્યાસની મૂળભૂત ભાવનાનો છેદ તો ત્યારે ઊડે છે જ્યારે એના દ્વારા માનવની લાગણીઓ સાથે ચેડાં કરવામાં આવે છે. શ્રદ્ધાના નામે અંધશ્રદ્ધા ફેલાવવામાં આવે છે. ધર્મના સાચા વિચારોના પ્રસાદને બદલે ભડકાઉ ભાષણોથી ઝનૂની નશો ચઢાવવામાં આવે, માણસમાં રહેલા ભય, અવિશ્વાસ, પાપ—પુણ્યના ખોટા ખ્યાલો, રાતોરાત જિંદગી બદલાઈ જવાનાં દિવાસ્વપ્નો અને એવી ઘણીબધી નબળાઈઓનો ગેરલાભ લઈ એને ધર્મને નામે ધતિંગની ચાનક ચઢાવવામાં આવે છે ત્યારે એ ચકરડી—ભમરડીમાં અટવાઈ



ગયેલ વ્યક્તિને બરબાદી સિવાય બીજું કંઈ જ હાથમાં આવતું નથી.

ધર્મના નામે સમાજમાં ચાલી રહેલી આ બધી વાસ્તવિક હકીકતો છે જે સાચો ધાર્મિક માણસ બખૂબી સમજી શકે છે. પણ, સો મણનો સવાલ એ છે કે આપણે સાચે જ ધાર્મિક છીએ ખરા? આ પ્રશ્ન દરેકે પોતાની જાતને પૂછવા જેવો છે. આપણે જે ધર્મને માનીએ છીએ એને સમજતા નથી કાંતો સમજવાનો પ્રયત્ન જ કરતા નથી. મંદિરે જવું, માળા ફેરવવી કે કથા સાંભળવામાં કંઈ જ ખોટું નથી. પણ, એટલા માત્રમાં જ ધર્મ સમાઈ જાય એટલી સંકુચિત વ્યાખ્યા લોકમાનસમાં સચવાઈ જવાનાં ઘણાં કારણો છે. પણ, આપણે એ કારણોમાં ઊંડા ઊતરવું નથી કેમ કે એવું કરવા જતાં આ લેખનું વિષયાંતર થવાનો ભય રહે છે.

મંદિરની મૂળભૂત ભાવના જળવાતી હોય એવાં મંદિરો કેટલાં? એક ગામમાં બે અલગ અટક ધરાવતી એક જ જ્ઞાતિના કુળદેવી એક જ હોવા છતાં એ દેવીનાં મંદિરો બે હતાં. કોઈ વાતે એમની વચ્ચે ઝગડો થયેલો અને પરિણામે તેમણે પોતાનાં અલગ મંદિર બાંધેલાં. અહીં સુધી તો સમજ્યા પણ એક અટકવાળા લોકો બીજી અટકવાળાની માતાને માનતા જ નહોતા. કહેતા, "અમારી કુળદેવી તો અમે બાંધેલા મંદિરમાં છે એ જ." કુળદેવી એક જ પણ...હવે, કહો! અહીં ધર્મ ક્યાં આવ્યો? જે મંદિરની ભાવના ભેદ દૂર કરવાને બદલે વિખવાદ વધારે એવું કોઈ ધર્મમાં હોઈ શકે ખરું? એ બન્ને મંદિરોમાં માતા હશે કે નહીં એ તો માતા જાણે પણ પૂર્વગ્રહો, વિવાદ, વૈમનસ્ય એવું બધું તો નજરોનજર દેખાય. જોકે, આવું ઘણાં મંદિરોમાં

અનુભવાય ત્યારે દુઃખ થાય. માનવતાની સુવાસ પ્રસરવાને બદલે દેખાદેખીથી અને 'ધરમના ઘેન'થી લોકોને મંદિરો બાંધવાનો ચસકો એવો ચઢે કે એકેય ભગવાન કે માતાજી રહી ન જવાં જોઇએ ત્યારે એ મંદિરોમાં પધરાવેલા દેવ–દેવીઓ માણસોની વિચારધારા પર ચોક્કસ હસતાં હોય તેવું લાગે!

જ્ઞાતિઓમાં અને દેવ–દેવીઓમાં પણ ભેદ–ભરમ ફેલાવે તેવાં મંદિરો કે શ્રદ્ધાનાં કેન્દ્રોમાંથી સમાજ શું શીખ મેળવશે? જે છે એ મંદિરોની જાળવણી કરવાને બદલે નવાંનવાં મંદિરોના નિર્માણ પાછળ બીજો જે કોઇ ધર્મ કામ કરતો હોય તે પણ આપણાં શાસ્ત્રોમાં દર્શાવેલી મંદિરોની મૂળભૂત ભાવનાનો તો લોપ જ થતો હોય છે. ધર્મ ક્યારેય અનીતિ, ચોરી, ભ્રષ્ટાચાર, લૂંટ કે છેતરપીંડી કરવાનું કહેતો નથી. નવા નિર્માણ થતા કે જિર્ણોદ્ધાર થતા મંદિરના આયોજકો એવું જાહેર કરે કે, "અહીં પવિત્ર મંદિરનું નિર્માણ થવા જઇ રહ્યું છે. એમાં આસ્થા કે શ્રદ્ધાના દેવ કે દેવીની પ્રતિષ્ઠા થવાની છે, એટલે મહેરબાની કરીને અહીં નીતિ, પ્રામાણિકતા અને મહેનતથી કમાયેલા પૈસાનું જ દાન, સ્વીકારવામાં આવશે." બસ, અહીંથી આગળ કંઇ કહેવું નથી. હવે જુઓ, ખરેખર આવું દાન મળે તો એનાથી નિર્માણ થનાર મંદિરમાંથી ધર્મની ચેતના આપોઆપ પ્રગટશે, અન્યથા તો લોકોને લૂંટીને, છેતરીને એકઠા કરેલા ધનમાંથી ઊંચા થઇને કૂદીકૂદીને પોતાને ભામાશા કહેવડાવવાના ઉધામાથી તો દાનવીર ભામાશાનું નામ બદનામ થાય છે કેમકે ભામાશાની ભાવનાને સમજ્યા વિના ગમે તે એરાગેરાની આગળ આ શબ્દ પ્રયોજવો એ નૈતિક ગુનાખોરી છે. વળી, આ રીતે કરેલા દાનથી કરેલાં પાપનો ક્ષય ક્યારેય થતો નથી કે નથી તો આ રીતે નિર્માણ



થયેલાં શ્રદ્ધાનાં કેન્દ્રોમાંથી ધર્મથી સુવાસ આવતી.

ગજબની આપણી વિચારસરણીથી અજબની આ દુનિયાનો ભગવાન પરથી ભરોસો ઊઠી જવાના પાપમાંથી પે બચવા જેવું તો છે જ. આરતી ટાણે ઘણાં મંદિરોમાં પૂજારી અને ભગવાનને એકલા જોઇ આપણે સૌ ધર્મની સાચી વ્યાખ્યા વિશે વિચારતા થઇએ એ પણ ધર્મનું જ કામ ગણાશે.

સૌથી જૂના ગ્રંથ ઋગ્વેદમાં મંદિરોનો ઉલ્લેખ નથી. મહદ્અંશે પ્રકૃતિનાં તત્ત્વોને દેવી–દેવતા તરીકે સ્વીકારેલાં છે. એ પછીના કાળમાં મંદિરોથી ભાવના સુવ્યવસ્થિત રીતે વિકસીત થયેલી છે. પિંડે સો બ્રહ્માંડે. દરેક વ્યક્તિમાં રહેલા શુદ્ધતમ અંતરાત્માની આરાધના માટે શ્રદ્ધાનાં કેન્દ્રો પગથિયાંનું કામ કરે છે. હૃદયમાં રહેલા આત્મારૂપી પરમાત્માની શોધ માટે ક્ષણિક બાહ્ય અવલંબનની જરૂર પડે તો ખોટું પણ નથી. દ્વૈતમાંથી અદ્વૈતની ભાવના વિકસે એ જ તો યોગનું મુખ્ય લક્ષણ છે. એટલે જ તો મંદિરમાં પહોંચીને પછી તો આંખો બંધ જ કરવી પડે અને વ્યક્તિએ સ્વની શોધમાં નીકળવું પડે. યા હોમ કરીને આગળ ધપવું જ પડે. આ રીતે અંદરનો જો "મારગ" મળી જાય તો જીવન ધન્ય બની જાય. અને ન મળે તો પણ નિરાશ થયે પાલવે નહીં કેમકે માનવ જીવન જ "હું કોણ છું" એ શોધવા માટે તો મળ્યું છે. મંદિર કે કોઇપણ શ્રદ્ધાનું કેન્દ્ર એ તો "અંદર" ઉતરવા માટેનું પગથિયું માત્ર છે. પણ, જો આપણે એ પગથિયાને જ પરમેશ્વર માની ત્યાં જ બેસી રહીએ તો મૂર્તિ તો ક્યારેય બોલવાની નથી. કબીરે કહ્યું છે : **"પથ્થર પૂજે પ્રભુ મિલે, તો મૈં પૂજું પહાડ. તાતે સે ચાકી ભલી પીસ ખાઈ સંસાર ॥"**

અહીં મૂર્તિપૂજાના વિરોધ કરતાં સમજ વિનાની મૂર્તિપૂજા પર ચાબખો વિંઝેલો છે. અનાજ દળવાની ઘંટી શા માટે સારી એનું સુંદર ઉદાહરણ આપી માત્ર પથ્થરને પૂજવાથી ભગવાન મળતા નથી એવું દર્શાવી ભક્તિભાવ વગર માત્ર યંત્રવત્ કરેલી પૂજાનો કોઇ અર્થ નથી એવું કબીરજી કહે છે અને ઈશ્વરીતત્ત્વ તો સર્વવ્યાપક છે એવું એમની આગવી શૈલીથી પ્રતિપાદિત કરે છે.

(પૃષ્ઠ ૬૨નું અનુસંધાન)

સાથે સાથે એ પણ જણાવ્યું કે પૂ.મા–પ્રભુના શરણે આવવાનું સદ્‌ભાગ્ય મળ્યું છે. તેનો ઉપયોગ કરીને શક્ય તેટલા પ્રભુના માર્ગે આગળ વધવા પુરુષાર્થ કરી લો. જેથી પૂ.મા–પ્રભુના શરણે આવવાનું સાર્થક્ય કરે.

દર વર્ષે પૂ.માનાં વરદહસ્તે સહુ સાધકોને લક્ષ્મીનો પ્રસાદ પણ મળતો. આ વર્ષે પૂ.માની અનુપસ્થિતિમાં શ્રી શાંતિભાઈનાં હાથે રૂા.૨૦/–નો લક્ષ્મીનો પ્રસાદ, સૂકામેવાનો પ્રસાદ શ્રી શારદામાસીના હાથે અને ચીકીનો પ્રસાદ વિજયભાઈ કનેરીયા પરિવારના હાથે પામ્યા.

નૂતનવર્ષનાં મંગલ પ્રભાતે પૂ.માએ પાઠવેલ આશીર્વાદ સંદેશ પણ સૌ સાધકોને શ્રીરાજુભાઈ જાનીએ વાંચી સંભળાવ્યો.

આ વર્ષે પૂ.માનો તારીખ પ્રમાણેનો જન્મદિન કારતક સુદ બીજે આવ્યો. પરમ પૂ.મા જ્યોતિર્મયીનો જન્મદિન પણ તિથિ પ્રમાણે આ દિવસે હોઈ, તેમને પણ સ્મરણાંજલિ ધરવામાં આવી. વળી તેના અનુસંધાને કેટલાક સાધક ભાઈબેનોએ સરોડાધામની પ્રદક્ષિણાઓ પણ કરી.



# ભક્તોની જવાબદારી

–યોગેશ્વરજી

પોતાના ભક્તોની જવાબદારી ભગવાન કેવી રીતે ઉપાડી લે છે – જુદે જુદે વખતે જુદી જુદી લીલા કરે છે ને પોતાના ભક્તોની સંભાળ રાખે છે. મદદ માટે તે સદા તૈયાર રહે છે.

સ્વામી વિવેકાનંદના જીવનનો એક પ્રસંગ છે. પરદેશ જતાં પહેલાં તેમણે ભારતનો પ્રવાસ કર્યો હતો. એક વાર તે મધ્ય ભારતના કોઈ પ્રદેશમાં ફરી રહ્યા હતા. રેલમાં મુસાફરી કરીને છેવટે તે કોઈ સ્ટેશને ઊતર્યા. છેલ્લા ત્રણ દિવસથી ખાવાનું મળેલું નહીં, તેથી તેમનું શરીર અશક્ત થઇ ગયું હતું. બપોરનો વખત હતો. તાપ સખત હતો, એટલે સ્ટેશનની બહાર જઇ કોઇ ઝાડની છાયામાં કપડું પાથરી તે સૂઇ ગયા. ભૂખ તથા થાકને લીધે થોડીવારમાં ઘસઘસાટ ઊંઘ આવી ગઇ. જીવનનાં પાછલાં વરસોમાં વેદાંતકેસરી બનીને પરદેશમાં જેણે પુષ્કળ પ્રસિદ્ધિ મેળવી તે મહાન પુરુષની દશા તો જુઓ. કષ્ટને લીધે તે ઊંઘી રહ્યો છે!

થોડો વખત વીતી ગયો ત્યાં તો કોઇ માણસ સ્ટેશન પાસે આવી બધે જોવા માંડ્યો. તેના હાથમાં મોટો થાળ હતો. તેના પર કપડું ઢાંકેલું હતું. બધે જોઇને છેવટે તે સ્વામીજી પાસે આવી પહોંચ્યો ને તેમને જગાડવા માંડ્યો. સ્વામીજી જાગી ઊઠ્યા. આ અજાણ્ય પુરુષને જોઇ તેમને અચંબો થયો. તે પુરુષને પોતાની પાસે બેસાડીને બધી વાત પૂછી. પેલા પુરુષે પોતાનો થાળ સ્વામીજી આગળ ધર્યો ને તેમને ભોજન લેવા કહ્યું.

સ્વામીજીએ કહ્યું : 'ભાઈ, તમે ભૂલ્યા લાગો છો. હું તો તમને ઓળખતો પણ નથી. કોઈ બીજાને બદલે આ ભોજન તમે મને આપવા આવ્યા હો એમ લાગે છે.'

પેલાં પુરુષે કહ્યું : 'ના, હું ભૂલ્યો નથી. આ ભોજન તમારા માટે જ છે માટે તમે આનંદથી આરોગો.'

છતાં સ્વામીજીની મુંઝવણ ટળી નહીં એટલે પેલા પુરુષે પોતાની કહાણી શરૂ કરતાં કહેવા માંડ્યું : 'જુઓ, આજે અપોરે ભોજન કરીને મારી મીઠાઈની દુકાનમાં હું સૂતો હતો. થોડીવારમાં મને ઘસઘસાટ ઊંઘ આવી ગઈ. ઊંઘમાં એક મહાપુરુષે મને દર્શન આપ્યું ને આજ્ઞા કરી, મારો ભક્ત ત્રણ દિવસથી ભૂખ્યો છે, તે સ્ટેશન પાસે એક ઝાડની છાયામાં સૂઈ રહ્યો છે તેને માટે મીઠાઈ તથા તાજી પૂરી બનાવીને લઈ જા' સ્વપ્ન પુરું થયું ને ઊંઘ ગઈ, પણ સ્વપ્નના પ્રસંગમાં મને વિશ્વાસ આવ્યો નહીં. ઊંઘ કાચી હતી એટલે હું ફરી ઊંઘી ગયો. પણ ઊંઘમાં પાછો એનો એ પ્રસંગ ઊભો થયો ને તે મહાપુરુષે મને ભોજન તૈયાર કરીને અહીં લાવવાની સૂચના કરી.

ત્રીજીવાર પણ એ જ પ્રસંગ બન્યો. છેવટે સ્વપ્નની વાતને સાચી માની મેં ગરમ પૂરી—શાક બનાવ્યાં ને મીઠાઈનો થાળ તૈયાર કર્યો. સ્ટેશને આવી મેં આજુબાજુ બધે જોયું, પરંતુ તમારા વગર ઝાડ નીચે સૂતેલા કોઈ મહાત્મા દેખાયા નહીં, તેથી સ્વપ્નમાં જેમના વિષે કહેવામાં આવ્યું છે, તે પુરુષ તમે જ છો એમ માનીને હું તમારી પાસે આવ્યો છું. વખત ઘણો થઈ ગયો છે ને તમે ભૂખ્યા છો, માટે આ ભોજન જમી લો.

વિવેકાનંદની આંખો ભીની થઈ ગઈ. ઈશ્વરની મહાન કરુણા ને પોતાના ગુરુની કૃપાનો તેમને ખ્યાલ આવ્યો. તેમણે



લાગણીવશ સ્વરે કહ્યું : 'તે મહાપુરુષ કેવા હતા તે જરા કહી બતાવશો?'

મીઠાઈવાળાએ સ્વપ્નમાં જોયેલા મહાપુરુષનું વર્ણન કરી બતાવ્યું. એ સાંભળી વિવેકાનંદે પોતાની પાસે પોતાના ગુરુ રામકૃષ્ણ પરમહંસનો ફોટો હતો તે કાઢી બતાવ્યો. મીઠાઈવાળો એ જોઈને આનંદમાં આવી ગયો, ને કહેવા માંડ્યો : 'આ મહાપુરુષ હા, આ મહાપુરુષે જ મને આજ્ઞા આપી હતી.'

લાગણીના ઉભારાને આંખ ને અંતરમાં દબાઈ દઈ વિવેકાનંદજીએ તે પછી ભોજન શરૂ કર્યું. એમના આનંદનો પાર ન હતો.

આવા પ્રસંગો સાધારણ માણસના જીવનમાં પણ બને છે. ને તેથી તેના હૃદયમાં ઈશ્વર પ્રત્યેનો પ્રેમ ને વિશ્વાસ વધે છે. પોતાનું અનન્યભાવે સ્મરણ કરનાર ભક્તોની સંભાળ રાખવા ઈશ્વર સદા તૈયાર રહે છે. પોતાના પ્રેમી ભક્તોના જીવનની જરૂરતો પૂરી પાડવાનું તેમનું વ્રત છે. આવા પ્રસંગો પરથી એ વાત સરસ રીતે સમજી શકાય છે. જીવનમાં જરૂરી શ્રદ્ધાભક્તિ પેદા કરીને એનો અનુભવ પણ કરી શકાય છે.

★ બહુ બેઠાં પછી પણ મહાત્મા દર્શન ન આપે તો સમજવું કે બેસવું એ તપ હતું. એ તપ કોઈક જન્મે કામ આવશે.

★ જ્ઞાનગ્રંથો કરતાં અનુભવીના જીવનપ્રસંગો વાંચવા જેથી પ્રેરણા મળતી રહે.

# કામનો માણસ!

—ડો. આઈ. કે. વીજળીવાળા

કાયમ દુ:ખોનાં દળનાર વ્યક્તિને અચાનક લોટરી લાગે અને એના ઘરમાં જે વાતાવરણ સર્જાય એવું જ કાંઈક અમારા ઘરમાં એ દિવસે બન્યું હતું. લગભગ કાયમ બાજરાના કે જુવારના રોટલા ખાનારાં અમે બધાં પણ હવે દરેક ટંકે ઘઉંની રોટલીનો સ્વાદ માણવાના હકદાર બનીશું એવું લાગવા માંડ્યું હતું કપરો કાળ અને કઠણાઈઓ હવે અમને છોડીને બીજે રહેવા જશે એવો વિશ્વાસ બંધાવા માંડ્યો હતો. બે–પાંચ વરસમાં અમે હવે અત્યંત ગરીબ નહીં કહેવાઈએ એવી આશાએ મનમાં ટોડલે માળો બાંધવાનું શરૂ કર્યું હતું.

વાત એમ હતી કે મારી સૌથી મોટીબહેન રોશન બહેનને એસ. એસ. સી. પછી સણોસરા લોકભારતી અધ્યાપન મંદિરમાં પી. ટી. સી. (Primary Teacher's Certificate) કોર્સમાં એડ્મિશન મળી ગયું હતું બાપુજીએ ઘરમાં રોપીને કરમી મજૂરી કરીને વરસો સુધી જેનું જતન કર્યું હતું એ ભણતર નામના છોડ પર હવે ફળ આવવાની શરૂઆત થવાની હતી. અમે સૌ જાણતા હતા કે જો મોટીબહેન ભણે અને નોકરીએ ચડે તો એની પાછળ પાછળ અમારાં સૌના ભાગ્યની સાંકળ પણ ખુલવાની હતી.

એ વરસ હતું ૧૯૭૨નું. એ વરસે જ વેકેશનમાં પૂજ્ય ડોગરેજી મહારજની કથામાં 'પરમાર્થ' મેગેઝિન વેચવાથી અમને ઘણો ટેકો મળ્યો હતો એનો આનંદ તો હતો જ ત્યાં વેકેશન પૂરું થતાં જ આ બીજા આનંદના સમાચારે અમને સાચા



અર્થમાં ઘેલા બનાવી દીધા હતા.

આવળ, બાવળ, બોરડી અને ઈન્ગોરિયાનાં વન વચ્ચે ઉછરેલા અમે સૌ હજાર અભાવોની વચ્ચે પણ દિલ ખોલીને હસી શક્તા. ફક્ત બાજરાનો રોટલો અને ચટણી ખાઈને પણ અલક–મલકની વાતો માંડી શક્તા. રાત પડે ત્યારે અમારા સાંકડા ઝૂંપડાના વિશાળ ફળિયામાં અમે માનસિક રાજાશાહીનો ઠાઠ ભોગવતા. સારા ભવિષ્યની કલ્પનાથી અમને આનંદ થતો, પરંતુ અમારી જિંદગી સામે અમને ફરિયાદ તો નહોતી જ.

એ રાતે પણ અમે સૌએ મોડે સુધી 'મોટીબહેનને નોકરી મળશે પછી આપણે પણ આમ રહીશું અને આમ કરીશું' એવા તડકા માર્યા. બાપુજી મોટાબહેનને બીજે દિવસે અમારા ગામ જિંથરીથી ૧૨ કિલોમીટર દૂર આવેલા સણોસરા ગામે અધ્યાપન મંદિરના છાત્રાલયમાં મૂકવા જવાના હતા એટલે મોટીબહેન જોડે મોડે સુધી બધા વાતો કરતા જાગ્યા. સપનાંઓના મહેલો ચણીને બધા બરાબરના થાક્યા અને સૂવા પડ્યા ત્યારે મધરાતથી વધારે સમય થઈ ગયો હતો.

બીજા દિવસે લગભગ અગિયાર વાગ્યાની આસપાસ બાપુજી તેમજ મોટીબહેન સણોસરા જવા ઘરેથી નીકળ્યાં. બહેનની ફીના તેમજ હોસ્ટેલમાં એડ્મિશનના એમ બધા ૩૦૦ રૂપિયા રેગ્ઝીનના એક નાનકડા અને સાવ સાદા પાકીટમાં મૂકીને બાપુજીએ પાકીટ ખિસ્સામાં મૂક્યું. એ ત્રણસો રૂપિયા એમણે કેટલાય જણ પાસેથી ઉછીના–પાછીના કરીને માંડ ભેગા કર્યાં હતા. નહીંતર અમારા ઘરમાં તો આટલા રૂપિયા એકસાથે જોવા પણ ન મળે એવી અમારી એ વખતની પરિસ્થિતિ હતી.

અગિયાર વાગ્યે 'ભાવનગર–સણોસરા' બસ જિંથરીનાં

બસ–સ્ટેન્ડ પરથી ઊપડતી. એ બસ છેક સણોસરાની અંદર લોકભારતી અધ્યાપન મંદિર (જે સણોસરાના મુખ્ય બસ–સ્ટેન્ડથી લગભગ બે કિલોમીટર જેટલું દૂર છે ત્યાં) સુધી જતી. બાપુજી અને મોટાબહેન એમાં ચડ્યાં. કંડક્ટરે ટિકિટનાં પૈસા માટે હાથ લાંબો કર્યો. બાપુજી ટિકિટના પૈસા કાઢવા ખિસ્સામાં હાથ નાખ્યો અને એ ભેગા જ એ બેબાકળા થઇ ગયા. એમની રાડ્ય ફાટી ગઇ, 'અરે! કો'ક મારું ખિસ્સું કાપી ગયું!'

ઊપડું–ઊપડું થતી બસને કંડક્ટરે એક ઘંટડી વગાડીને ઊભી રખાવી. ચિતભ્રમ જેવા થઇ ગયેલા બાપુજી અને મોટાબહેન બસમાંથી નીચે ઊતરી ગયાં. ખિસ્સું કાપનારાએ સણોસરા સુધીની ટિકિટના પૈસા પણ ન હોતા છોડ્યા એટલે બસમાં જાવું પણ કઇ રીતે? ઉપરાંત ફીના પૈસા તો જતા રહ્યા હતા. હવે ત્યાં જઇને કરવું પણ શું?

ઘરમાં માતમ છવાઇ ગયો. બા, મોટાબહેન તથા આજુબાજુમાંથી આ સમાચાર સંભાળીને ખરખરો કરવા આવેલા બે–ચાર બહેનો રોતાં હતાં. બાપુજી માથે દઇને ફળિયામાં ગુમસૂમ બેસી ગયા હતા. તળપદી કાઠીયાવાડી ભાષામાં એક કહેવત છે કે 'દુઃખતે ઠેસ અને નબળે વેઠ!' એવું જ કાંઇક મારા બાપુજી સાથે બની રહ્યું હતું. તકલીફો અને આફતોનાં પહાડ નીચે માંડ માંડ શ્વાસ લેતા. એ માણસની મુશ્કેલીઓ જાણે કે ઓછી લાગતી હોય એમ કુદરત એક પછી એક દુઃખની ગાંસડી એમના ખભા પર ગોઠવ્યે જ જતી હતી. એક માણસ કેટલુંક દુઃખ જીરવી શકે એ જાણે કે ઉપરવાળો મારા બાપુજી પર પ્રયોગ કરીને નક્કી કરવા ન માંગતો હોય! એમ એમના પર મુસીબતો આવ્યે જતી હતી. એમના પોતાની કાયમી



તકિયાકલામ 'ઉપરવાળો જે કરે તે સારા માટે જ કરે!' એના પરથી એમને જ વિશ્વાસ ઊઠી ગયો હોય એવું એમના ચહેરા પર લીંપાયેલ વ્યથા જોતાં લાગતું હતું.

ગામના લોકોને જેમ જેમ ખબર પડતી ગઇ એમ બધા સાંત્વના આપવા આવતા ગયા. સાંજના પાંચેક વાગ્યા સુધી આ ક્રમ ચાલ્યો. આ બધો સમય મારા બાપુજી શુન્યમનસ્ક બનીને બેઠા જ રહ્યા હતા. માથું હલાવવા સિવાય ભાગ્યે જ કોઇ આવવાવાળા સાથે એમણે વધારે વાત કરી હોય તો. છેક સાંજે અમે બધાં એકલાં પડ્યાં. ઘરમાં કોઇ બોલતું નહોતું પણ 'હવે શું થશે?' એ પ્રશ્ન તો બધાની નજરમાં રમતો જ હતો. જો હવે એકાદ બે દિ'માં પૈસાની વ્યસ્થા ન થાય તો મોટીબહેનના આગળ ભણવાની વાત ત્યાં જ પૂરી થઇ જતી હતી. તો પછી અમારા બધા માટે પણ આગળ ભણવાનું શક્ય બને કે કેમ એ એક મોટો યક્ષ પ્રશ્ન બની જતો હતો.

સૂરજ આથમવાની વેળાએ અમારી વાડનો દક્ષિણ તરફનો ઝાંપો ખૂલવાનો અવાજ આવ્યો. આખો દિવસ માણસો આવતા રહ્યા હતા. એટલે કોઇએ એ તરફ જઇને જોવાની તસ્દી ન લીધી. બેચાર ક્ષણોમાં જ ઓસમાણભાઇ તરીકે જાણીતા એક ભાઇ અમારા ફળિયામાં આવી પહોંચ્યા. ઓસમાણભાઇ જિંથરી હોસ્પિટલની ધર્મશાળાના બિલ્ડિંગમાં સાઇકલ રીપેરિંગની દુકાન ચલાવતા હતા. એ વળી મારી બાની એક બહેનપણીના ભાઇ થતા હતા એટલે અમે એમને ઓસમાણમામા કહેતા. માણસ અત્યંત મહેનતું અને નેક, પણ એની ઉઠકબેઠક અમુક એવાં તત્ત્વો સાથે રહેતી કે ગામમાં બધા ઘણીવાર એને નકામો માણસ કહેતા.

'આવો ભાઇ! આવો' મારી બાએ એમને આવકાર્યા અને ફળિયામાં ખાટલો ઢાળીને બેસાડ્યા.

'કાસમભાઇ! ખિસ્સું ક્યારે કપાણું?' બેસતાંવેંત ઓસમાણભાઇએ પૂછ્યું.

'સવારે, લગભગ અગિયાર વાગ્યે,' મારા બાપુજીએ જવાબ આપ્યો.

'બસમાં ચડ્યા પછી કે પે'લા?'

'ભાઇ! એની મને કાંઇ ખબર રહી નથી!' બાપુજી બોલ્યા, 'પણ બસમાં ચડતાં જ ખબર પડી એટલે એવું લાગે છે કે પહેલાં જ કપાયું હશે!'

'હું ...ઉ...ઉ...ઉ...!' એટલું બોલી, મનમાં કાંઇક વિચારીને એ ઊભા થઇ ગયા. પાણી પણ ન પીધું અને કાંઇ બોલ્યા ચાલ્યા વગર ચાલતા થયા.

એ સાંજ અમારા માટે એક મનહૂસ સાંજ બનીને આવી હતી. આખો દિવસ આંસુ પી પીને પેટ એવું તો ભરાઇ ગયું હતું કે અન્નનો દાણો એમાં નાખવાની કોઇની ઇચ્છા નહોતી. પરંતુ ઘરડાં દાદાદાદી માટે અને બીજા કોઇને ઇચ્છા થાય તો એ પણ ખાઇ શકે એટલા આશયથી જ બાએ ચૂલો પેટાવ્યો હતો. બપોરે ન ખાવા છતાં સાંજે અમે કોઇ જમી ન શક્યા.

બીજો દિવસ પણ એવો જ નિસ્તેજ જણાતો હતો. દિવસ તો તેજથી જગારા મારતો હશે પરંતુ અમારી દૃષ્ટિ નિસ્તેજ બની ગઇ હતી. ઘણા બધા લોકોની આવનજાવનથી આગલો દિવસ ઝડપથી પસાર થઇ ગયો હતો. પણ આજનો દિવસ કોઇ વાતે



જતો નહોતો. સુખમાં સડસડાટ પસાર થઇને આગળ ભાગતો સમય દુઃખમાં સાવ ગોકળગાયની ગતિએ ચાલતો લાગે છે. અમને પણ એ દિવસ ખૂબ લાંબો લાગ્યો હતો. બાપુજી પણ સમય સામે ઝીંક ઝીલતાં ઝીલતાં જાણે કે સાવ પરાસ્ત થઇ ગયા હોય એમ બેઠા હતા. ઘરમાં રોજના ખીખીયાટા અને ધીંગામસ્તીનું સ્થાન આજે સ્મશાનવત શાંતિએ લીધું હતું. એમ કરતા રાત તો માંડ પડી.

રાત્રે અચાનક ઓસમાણભાઇ પાછા આવ્યા. ગામ જેને ''નકામો માણસ'' ગણતું હોય એવી વ્યક્તિ ઘરે આવે એ કોઇને ન જ ગમે. મારાં બાએ ફક્ત ''આવો ભાઇ!'' એટલું કહ્યું. અમારાં બધાના ચહેરા પર પણ અણગમો સ્પષ્ટ દેખાતો હતો, પરંતુ એ બધું જોયું ન જોયું કરીને (અથવા એને આવા ઠંડા આવકારોની ટેવ હશે, એ જે હોય તે) એ પાથરેલા ખાટલા પર મારા બાપુજીની બાજુમાં બેસી ગયા. ખિસ્સામાંથી ૨૮૫ રૂપિયા કાઢીને મારા બાપુજીના હાથમાં મૂક્તા બોલ્યા, 'લ્યો! કાસમભાઇ! આ તમારી રકમ પાછી! તમે કાલે બોલ્યા એના પરથી મને તરત જ ખબર પડી ગયેલી કે આ કોનું કારસ્તાન હશે? આવા જાકુબીના ધંધા કરનાર બધાને હું જાણું છું. તમારે ત્યાંથી નીકળ્યો પછી કાલે રાતે જ હું સિહોર (તાલુકા મથક) પહોંચી ગયો હતો. જેણે ખિસ્સું કાપ્યું હતું એની પાસેથી આ પૈસા લઇને આજે જ આવ્યો. પણ ઇ માદરબખત આમાંથી ૧૫ રૂપિયા વાપરી ગયો હતો. નકર પૂરેપૂરા પાછા લાવી દેત. તમે મારી દશા તો જાણો છો ને? નકર હુંય ૧૫ રૂપિયા ઉમેરીને આ દીકરીને આપી દેત. પણ ...?' એ ભડ જેવો માણસ આગળ ન

બોલી શક્યો. એના ગળે ડૂમો બાઝી ગયો.

આંખ લૂછીને એ માણસ તરત ઊભો થઇ ગયો. 'ચાલો કાસમભાઇ, બહેન! હું જાઉં!' એટલું માંડ માંડ બોલીને આજે પણ પાણીનો ઘૂંટડો પણ પીધા વગર એ માણસ ચાલતો થઇ ગયો. અમારી આંખમાંથી વરસતાં ચોધાર આંસુઓ સામે નજર પણ નાખ્યાં વિના એ માણસ ઝાંપો બંધ કરીને ચાલતો થયો.

ફરિશ્તાઓ કેવા હશે એ તો મને નથી ખબર, પણ આજે સમજાય છે કે કદાચ એ આ ઓસમાણભાઇ જેવા જ હશે! બીજી એક વાત મને એ દિવસે બરાબર સમજાઇ ગઇ કે ગામ જેને 'નકામો માણસ' ગણતું હતું એ હકીકતે તો અત્યંત કામનો માણસ હતો. બીજાની તો ખબર નથી, પણ અમારા કુટુંબ માટે તો એણે સાબિત કરી દીધું હતું!

★ શિવનું સ્વરૂપ સાકાર સદ્‌ગુરુરૂપે પ્રગટીને તમને શિવ પ્રતિ દોરે છે.

ફોન : દુકાન : ૨૨૫૮૮૧૨ ઘર : ૨૬૬૪૦૭૮
મોબાઇલ : ૯૩૭૪૭૧૦૩૦૪
**દીપક સી. મહેતા**
**કૃષ્ણા ફિલ્મ્સ એન્ડ સ્ટુડિઓ**
૧, શ્યામ એપાર્ટમેન્ટ, કાકડીઆ કોમ્પ્લેક્ષ પાસે,
ઘોડદોડ રોડ, **સુરત**-૩૯૫૦૦૧



# ભક્ત અને ભગવાનનો સંબંધ

**—સ્વામી માધવતીર્થ**

**પ્રશ્ન ૧:** અમોએ આપના બનાવેલા ગ્રંથો અધ્યાત્મ ભાગવત ભાગ ૧ થી ૫ ધ્યાનપૂર્વક વાંચેલા છે, છતાં અમારા મનમાં નીચે લખ્યા પ્રમાણે કેટલીક શંકાઓ છે, તો તેનો ખુલાસો લખવા કૃપા કરશોજી—

(૧) ડાકોરના શ્રી રણછોડરાયે બોડાણા સાથે વાતચીત કરી હશે કે નહિ? અને સવા વાલે તોળાયા હશે કે કેમ?

**ઉત્તર:** એ બની શકે તેવું છે. તેમાં બોડાણાની દૃષ્ટિ ઉપર ખરો આધાર હતો. બોડાણાને રણછોડરાયજી કેવા કેવા લાગ્યા હશે તે બાબત આપણને બોડાણા જેવા થયા વગર ખબર પડે નહિ, પણ આત્મામાં અનંત શક્તિ છે. સ્વપ્નમાં જીવ ભગવાનને પણ ઉત્પન્ન કરીને તેની સાથે વાત કરી શકે છે, તો જાગ્રતમાં કેમ ન કરી શકે? બધું બની શકે તેવું છે; પણ ભક્તની દશા ઉપર બધો આધાર છે. થોડા વખત પહેલાં રણછોડરાયના એક સેવક તેની સેવા પોતાના હાથે રોજ કરતા હતા, છતાં તેના ઘરમાં કજીઓ હતો અને અશાંતિ હતી, અને બહારગામથી એક ભક્ત ત્યાં દર્શન માટે આવ્યા હતા તેમણે શ્રી રણછોડરાયજીનું રમતું સ્વરૂપ મને બતાવ્યું હતું. ઉપર જણાવ્યા પ્રમાણે જે સેવકને ઘેર કજીઓ હતો તેણે બીજી બાયડી પરણી હતી અને તેથી જૂનીના દીકરા તેને ઘરમાં અશાંતિ ઉત્પન્ન કરતા હતા. તેનું મન રણછોડરાયજીમાં નહોતું પણ નવી સ્ત્રીમાં હતું, તેથી બધો આધાર ભગવાન અને ભક્તના સંબંધ ઉપર છે. એવા સંબંધથી

ભગવાનની મૂર્તિનું સ્વરૂપ વજનમાં હલકું પણ બની જાય છે અને તે સવાવાલ જેટલું પણ થઇ શકે છે. હાલનું સાયન્સ પણ કહે છે કે વજન એ સાપેક્ષ વસ્તુ છે, તે નિયત નથી. તેનો આધાર સંબંધ ઉપર છે.

શ્રી રામકૃષ્ણ પરમહંસે ૭૦ વર્ષ પહેલાં કલકત્તામાં દક્ષિણેશ્વરના મંદિરમાં કાલીમાતાની મૂર્તિ સાથે વાતો કરી હતી. તે પછી ૭૦ વર્ષમાં ઘણા પૂજારી ફરી ગયા અને તે જ મૂર્તિની સેવા કરી, છતાં શ્રી રામકૃષ્ણના જેવો અનુભવ કોઇને થયો નથી, તેથી મૂર્તિની સાથે કેવો સંબંધ આપણે બાંધીએ છીએ તે ઉપર બધો આધાર છે. ભગવાન ચૈત્યન્ય સ્વરૂપ છે, તેમાંથી જડ જેવું જગત નીકળે નહિ, તેથી જગત પણ ચૈતન્ય છે અને બધી મૂર્તિઓ પણ ચૈતન્ય છે પણ માણસને દેહનું અભિમાન હોય ત્યારે તેની દૃષ્ટિમાં જડભાવ આવે છે અને તે બહાર જડતા દેખે છે, અને પછી તે જડની સાથે સંબંધ બાંધે છે. એ જડતા તેની દૃષ્ટિમાં છે, મૂર્તિમાં જડતા નથી. એ બાબત હાલ સાપેક્ષવાદના સાયન્સથી પણ સિદ્ધ થયેલ છે.

**પ્રશ્ન ૨ :** શ્રી ચૈતન્ય મહાપ્રભુ જગન્નાથપુરીમાં જગન્નાથજીની મૂર્તિમાં સમાઇ ગયા તે વાત ખરેખર બનેલી હશે કે નહિ?

**ઉત્તર :** એ વાત પણ બની શકે તેવી છે. દરેક માણસ ચૈતન્ય મહાપ્રભુ છે. તે સર્વવ્યાપક બ્રહ્મસ્વરૂપ છે, છતાં માયાનો આધાર લઇને માણસના શરીરમાં સમાઇ શકે છે. તેવી જ રીતે ચૈતન્ય મહાપ્રભુ પણ મૂર્તિમાં સમાઇ શકે તેમાં નવાઇ નથી. પણ માયાનો અંશ જેમાં વધારે હોય અને ચૈતન્યનો અનુભવ ન હોય તેવા માણસો મૂર્તિમાં સમાઇ શકે નહિ, પણ ચૈતન્યનો



અનુભવ વધારે હોય અને માયાનો અંશ થોડો હોય તો મૂર્તિ અને ભક્ત બંને સજાતિય લાગે છે અને નદી સમુદ્રમાં મળે છે તેમ સજાતિય તત્ત્વ સજાતિય તત્ત્વમાં મળી શકે છે.

**પ્રશ્ન ૩ :** સંત તુકારામ કીર્તન કરતાં સદેહે વૈકુંઠ ગયા તે વાતને કેવી માનવી?

**ઉત્તર :** કીર્તન કરતી વખતે ત્યાં નવી જાતનું વાતાવરણ ઉત્પન્ન થાય છે અને ભક્તનો દેહ ચિન્મય અને આનંદમય થાય છે. સંત તુકારામની તે વખતની જેવી દશા હતી તેવી દશા સમજવા માટે તેવા થવું જોઇએ. ભીષ્મ સ્વરાજમાં કહેલ છે કે બધા કામ કરતાં છતાં જેની બુદ્ધિ અકુંઠ રહે તેવી દશાને વૈકુંઠ કહે છે. તેથી ભક્તિભાવની દશાને વૈકુંઠ કહે છે. જો કોઇ જુદું વૈકુંઠ હોય તો તે વૈકુંઠમાં ભગવાનના પાર્ષદ જય અને વિજય રોજ ભગવાનના દર્શન કરતા હતા, છતાં સનકાદિના શ્રાપથી વૈકુંઠમાંથી પડ્યા અને હિરણ્યાક્ષ અને હિરણ્યકશિપુ થયા, કારણ કે તેનામાં નાના મોટાની ભેદબુદ્ધિ આવી ગઇ હતી. સંત તુકારામમાં હમેશાં અભેદ બુદ્ધિ રહેતી હતી અને તેથી વૈકુંઠના જેવી ભાવનામાં રોજ રહેતા હતા. તેવી દશા છેલ્લી વખત પણ રહી શકે છે.

**પ્રશ્ન ૪ :** શ્રી મીરાંબાઇ પણ દ્વારકામાં ગીરધરલાલની મૂર્તિમાં સમાઇ ગયા તે વાત બની હશે કે નહિ?

**ઉત્તર :** આ પ્રશ્નનો ઉત્તર ચૈતન્ય મહપ્રભુના જગન્નાથની મૂર્તિમાં સમાઇ જવા જેવો છે. જે મીરાંબાઇ ઝેરને ભગવાનનું ચરણામૃત માનીને પી ગયાં તેની દૃષ્ટિમાં દ્વારકાની મૂર્તિ એ પથ્થર ન હતો. એક પથ્થરની અંદર બીજો સમાઇ શકે નહિ, પણ જે માણસ મૂર્તિને ચૈતન્યરૂપે જોઇ શકે તેને માટે આવા

બનાવ બહુ સરળ રીતે બની શકે છે. મને પંઢરપુરમાં વિઠ્ઠલનાથજી મૂર્તિમાં મૂછો દેખાણી હતી અને સૌરાષ્ટ્રમાં માધવપુરની મૂર્તિના ચરણને સ્પર્શ કરતાં તે ચરણ માણસના જેવા પોચા લાગ્યા હતા. દ્વારકાની મૂર્તિને સ્નાન કરાવતા એક ભક્તનો હાથ પેટ આગળ આવ્યો ત્યારે પેટ દબાઇ ગયું હતું, છતાં એ જ મૂર્તિની સેવા કરનાર એક સેવકને તેમાં ભાવ આવતો નથી અને પોતાને ઘેર વિષ્ણુની છબી રાખેલ છે. એક માણસે દ્વારકામાં મને કહેલું હતું કે જો ભગવાન તેને દર્શન આપે તો ભગવાનને સીનેમા જોવા તેડી જાઉં. દ્વારકાના હાલના કેટલાય માણસો સીનેમાના શોખીન થયા છે. ભાગવતમાં દશમ સ્કંધના ઉત્તરાર્ધમાં કહેલ છે કે દ્વારકામાં તે વખતે બધા માણસો ચતુર્ભુજ હતા, તેનું વધારે વર્ણન અધ્યાત્મ ભાગવત ૪ માં આપેલ છે.

ભક્તોનું દ્વારકા અને ભક્તોની મૂર્તિ સામાન્ય માણસોના જેવા હોતા નથી. શ્રીનાથજીની મૂર્તિએ શ્રી વલ્લભાચાર્ય પાસેથી દૂધ લઇને પીધું હતું. એક ગોવાળની દીકરી નરો પણ શ્રી નાથજીને દૂધ પાઇ શકતી હતી, પણ એ જ મૂર્તિની રોજ સેવા કરનાર દામોદરલાલજી હંસાના પ્રેમમાં પડી ગયા હતા અને શ્રી નાથજીના મુખારવિંદ ઉપરનો હીરો પણ ચોરાયો હતો. તેથી બધો આધાર ભક્ત અને ભગવાનના સંબંધ ઉપર છે.

★ પ્રભુ બાહ્ય અનુકૂળતા પણ ઊભી કરી આપે, કેમ કે પ્રભુનું નામ જ 'સાનુકૂલમ્' છે.



# મુજ સમ કોઇ ના બડભાગી.

—યોગેશ્વરજી

મુજ સમ કોઇ ના બડભાગી.
તમારાં ચરણોનો અનુરાગી. મુજસમ.
તરસ તમારો રસ પીવાની
મારે અંતર જાગી;
તમને મળવા માટે લગની
કૈંક દિનોથી લાગી. મુજસમ.
અશાંતિ એક તમારે માટે
અંતરપટ પર જાગી;
એક તમારા અનુરાગતણી
મંગલ વીણા વાગી. મુજસમ.
તમારા વિના કામના બધી
આશા તેમજ ત્યાગી;
સ્વપ્ન તમારાં સેવ્યાં કેવલ,
ગાળી રાત સુહાગી. મુજસમ.
સંપત્તિ મેં ધરી તમારાં
ચરણોમાં વણમાગી;
રસની લ્હાણ મળી છે મુજને,
ભીતિ બધી યે ભાગી. મુજસમ.
ભાગ્ય વધારો મારું હજુયે,
બની તમે અનુરાગી;
પાગલ કે' દર્શન આપીને
કરો ખરે સદ્ભાગી. મુજસમ.

# સ્વર્ગારોહણ, અંબાજીમાં ઉજવાયો દીપોત્સવી ઉત્સવ ને પૂ.મા સર્વેશ્વરી પ્રાગટ્ય પર્વ

—રાજુ જાની

દર વર્ષની જેમ આ વર્ષે પણ દીપોત્સવી ઉત્સવ સ્વર્ગારોહણ અંબાજી ખાતે ઉજવાયો. સંવત્ ૨૦૭૧નું વર્ષ પૂરું થયું ને ૨૦૭૨ના નવા વર્ષનો પ્રારંભ તા.૧૨—૧૧—૧૫ના રોજ થયો. પૂ.માનો જન્મ દિવસ તા.૧૩ નવેમ્બર પણ ભાઇ બીજના આ પર્વ સાથે સંમિલિત થઇ ગયો. આ વર્ષે પણ સાધકોએ સ્વર્ગારોહણને દીવાઓ ને વિજળીનાં તોરણોથી, તેમજ સરોડાધામ ને કુટિયાના પ્રાંગણને સરસ સાથિયા ને રંગોળીઓથી ખૂબ સરસ રીતે સુશોભિત કર્યું.

ભક્તો ને સાધકો તો દર વર્ષની જેમ આ વર્ષે સ્વર્ગારોહણ આવ્યા જ. પરંતુ જેમની પવિત્ર ઉપસ્થિતિ જ સ્વર્ગારોહણને અનોખું આકર્ષણ પૂરું પાડતી તે પૂ.મા સર્વેશ્વરી વિદેશથી ના આવી શક્યાં, કારણ કે તેઓનું ૭૨ દિવસનું ઐકાંતિક કાષ્ટ મૌન વ્રત ચાલી રહ્યું છે. જે ડીસે.ના મધ્યભાગમાં પૂરું થશે તે પછી તેઓ ભારત પધારશે એવી ધારણા છે. આવા ઉગ્ર તપ માટે પૂ.માને અમેરિકા કે કેનેડા વધુ અનુકૂળ રહે છે, કારણ કે ત્યાં સાધકોના આવવા—જવાના વિક્ષેપ બહુ જ ઓછો હોય છે તેમજ નિવાસ પણ ખૂબ એકાંતમાં ને પ્રાકૃતિક સૌંદર્ય ને શાંતિથી ભરપૂર હોવાથી—વાતાવરણ ખૂબ સુમેળભર્યું બની રહે છે. જે



પૂ.માને ખૂબ ગમે છે.

પૂ.માની સૂચના મુજબ દીવાળી પર્વ નિમિત્તે પાંચ સત્કર્મો યોજાયાં. તા. ૯ થી તેનો પ્રારંભ થયો. વહેલી સવારે લાકડાંના ભારા લઇને આવતી ૧૭૦ બેનોને પ્રસાદ રૂપે વસ્ત્ર, દાળ, ચોખા, ખાંડ, ઘઉં, તેલ, તેમજ બુંદી ને ચીકી વગેરે પ્રાપ્ત થયાં. તેની પ્રસન્નતા તેઓના મુખ ઉપર પ્રતિબિંબત થતી જોઇ શકાતી. અભાવો વચ્ચે જીવતી આ બેનોની સાચે જ ધનતેરસ સુધરી ગઇ એવું લાગે. સાંજે ૮૦ જેટલા બાળકોને ટુવાલ બીસ્કીટ, ચીકી, ચવાણું, બુંદી અને લક્ષ્મીનો પ્રસાદ પ્રાપ્ત થયો. આજનો દિવસ પૂ.માનો સમર્પણ દિવસ હોવાથી. સ્વર્ગારોહણના આંગણેથી કોઇ નિરાશા થઇને ન જાય તેનું ધ્યાન પણ સંસ્થાના સેવકોએ રાખ્યું ને દ્વારે ઊભેલ લગભગ ૧૨૫ ગરીબભાઇબેનો પણ પૂ.માના સ્થાનનો પ્રસાદ પામ્યાં. સાચે જ સમાજની હૂંફના હકદાર આ અભાવગ્રસ્ત માનવોના જીવનમાં થોડી પણ ખુશી પ્રેરિત કરવાનું સદ્ભાગ્ય પૂ.ગુરુદેવ અને પૂ.માની પ્રેરણાથી જ અહીં પ્રાપ્ત થયું.

પર્વના બીજા અને ત્રીજા દિવસે પણ સત્કર્મોની પરંપરા ચાલુ રહી. આમાં જે લાભાર્થી થયાં તેવા લોકોમાં વિધવાઓ, વૃદ્ધો અને આજીવિકા વિનાના ભાઇબેનોનો સમાવેશ થતો હતો. આ બધાં સત્કર્મોમાં બુંદીનો પ્રસાદ બેન પૂજાના પુત્ર શ્લોક તરફથી અને ચવાણાનો પ્રસાદ સ્વર્ગારોહણના દિવંગત સુરતના સાધકશ્રી ઘનશ્યામભાઇ વાનાણીની ઈચ્છાપૂર્તિ નિમિત્તે સાધક શ્રીચંદ્રકાન્ત પટેલ તરફથી અને ‘હાશ’ શીંગની ચીકી શ્રી વિજયભાઇ કનેરિયા તરફથી તો તલની શ્રી જયસુખભાઇ તરફથી સાધકોને પણ પ્રાપ્ત થઇ.

આ ચાર દિવસના કુલ ૫૨૭ લાભાર્થીઓ જે સહાય પામ્યા, તે દરેક માટે ૭૫૦નો આર્થિક સહયોગ પૂ.મા–પ્રભુના ભક્તોએ સ્વેચ્છાએ આપ્યો અને તે પણ ખૂબ અલ્પ સમય ને સામે ચાલીને. તેથી જ તે સહુના હાથે જ સત્કર્મની સામગ્રી ગરીબોને પહોંચાડવામાં આવી, જાણે પોતાના દાનનું પ્રત્યક્ષ ફળ–દર્શન શ્રી ચંદ્રકાન્ત પટેલ તરફથી પામ્યા.

શ્રી સુશીલાબેન ભક્ત–પૂ.માની અનુપસ્થિતિમાં અમેરિકાથી આ પર્વ નિમિત્તે ખાસ આવ્યાં. સાંસારિક નાતે તેઓ પૂ.માનાં મોટાંબેન છે. તેથી તેઓને યોગેશ્વર પરિવારના સાધકો સુશીલામાસી કહે છે. કિન્તુ તેઓ પૂ.માનાં પરમ પ્રશંસક ને ભક્ત છે. સ્વર્ગારોહણ તીર્થ તરફથી તેઓનું ખાસ સન્માન કરવામાં આવ્યું. શ્રી જ્યોત્સ્નાબેને પણ પોતાના વ્યક્તવ્યમાં તેઓની વિશેષતાઓને બીરદાવી. ભગવાન કૃષ્ણનું સ્વરૂપ પણ સ્મૃતિ તરીકે ભેટ અપાયું.

તેઓ પૂ.માની બાળપણની વિશેષતાઓ ને સાધનાનાં પ્રત્યક્ષ સાક્ષી છે. શૈક્ષણિક ક્ષેત્રે રાષ્ટ્રપતિ એવોર્ડ વિજેતા શ્રી સુશીલાબેન સાહિત્ય ને સંગીતનું વિશેષ જ્ઞાન ધરાવે છે. તેથી પૂ.માના બાળ જીવનના પ્રસંગોને 'શ્રી સર્વેશ્વરી લીલામૃત'ની ગેય રચનાઓમાં વણી લીધા છે. અહીંની પાંચ દિવસની ઉપસ્થિતિમાં તેઓએ કલાકો સુધી પોતાના સુરીલા કંઠે આ રચનાઓ ગાઈ, સાધકોને ભાવભક્તિમાં તરબોળ કરી દીધા. પૂ.માના પૃથ્વીપરના અવતરણનો પ્રસંગ પૂ.માના જન્મદિનના કાર્યક્રમમાં નાટ્ય રૂપાંતરરૂપે રજુ થયો. ગેય રચનાઓને કંઠ આપ્યો શ્રી જયશ્રી બેન ભક્ત ને શ્રી સુકૃતિ જાનીએ, અભિનય રજુ કર્યો ઉર્વશી ગોહિલ (યોગેશ્વરજીના પાત્રમાં) તેમજ રાજુભાઈ જાની ને



ઉર્વશી જાની (શ્રી કાલીદાસકાકા ને શ્રી ભીખીબાના પાત્રમાં). આ નાટ્ય રૂપાંતરમાં ભાગ લેનાર સહુ અદાકારો લક્ષ્મીનો પુરસ્કાર પણ શ્રી સુશીલાબેનના હાથે પામ્યા.

સ્વર્ગારોહણની પૂ.માએ પ્રસ્થાપિત કરેલ કાર્યક્રમ પ્રણાલિ પ્રમાણે તહેવારના દિવસોમાં પણ સાધનાત્મક પરંપરાઓ સચવાતી રહે છે. એટલે રોજ સવારે ધ્યાન, પ્રભાતફેરી, પ્રણામ ઉપરાંત દીપોત્સવીના તથા નવા વર્ષનો મંગલદિનોએ પૂ.શ્રીનો નૂતન વર્ષનો પૂ.માનો સંદેશ પણ વાંચી સંભળાવમાં આવ્યો.

પૂ.માના જન્મદિને પૂ.માની પ્રત્યક્ષવાણી પણ સાધકોએ ડી.વી.ડી. દ્વારા સાંભળી. જેમાં પૂ.માએ મનુષ્ય જીવનના એક માત્ર ધ્યેય તરીકે પ્રભુ પ્રાપ્તિ ગણાવી છે. પૂ.માની જુસ્સાદાર વાણી દ્વારા અપાયેલ એ સંદેશ શ્રી હેમલ મહેતાએ ખૂબ સુસ્પષ્ટ રીતે અભિવ્યક્ત કર્યો છે, જે અભિનંદનીય છે. પૂ.માના જન્મદિને સૌ સાધકોએ ઉપવાસ રાખી આખો દિવસ જપ, પ્રદક્ષિણા અને પ્રણામના નિયમ પાલનથી સજાવ્યો. રાતના નાટ્યરૂપાંતરના કાર્યક્રમ પછી બેનોએ ચણિયા–ચોળી પરિધાન કરી બે સરસ રાસગરબા રજુ કરી–સમગ્ર વાતાવરણને ઉત્સાહથી ભરી દીધું.

શ્રી ભૂપેન્દ્રભાઈ સૂરા તરફથી સૌ બરફીનો પ્રસાદ પામ્યા, પૂ.માના પ્રાગટ્ય પર્વ નિમિત્તે આઈસ્ક્રીમનો ભરપૂર પ્રસાદ શ્રી સતીશભાઈ જાની–અને જાની પરિવાર તરફથી પામ્યા.

નૂતનવર્ષનાં મંગલ પ્રભાતે સમૂહ પ્રણામ કાર્યક્રમ પછી વયોવૃદ્ધ શ્રી નારાયણકાકાએ ઉપસ્થિત સાધક ભાઈબેનો પર પૂ.મા–પ્રભુના આશીર્વાદ ઉતરો તેવી મંગલ કામના વ્યક્ત કરી. **(અનુસંધાન પાનું ૪૩)**

# વાંસળીનો અવાજ

—હરિનો મારગ

સર માઇકલ એન્ડ્ર્યુ કોસ્ટા ઇટાલીમાં જન્મેલ અને પછી ઇંગ્લેન્ડમાં સ્થાયી થયેલ એક મહાન સંગીતકાર હતા. ૧૯મી સદીના ઉત્તમ ઓરકેસ્ટ્રા કંડક્ટર તરીકે એમની ગણના થાય છે.

એક વખત એમના સંગીતના એક ખૂબ જ મોટા કાર્યક્રમનું રિહર્સલ ચાલી રહ્યું હતું. સંગીતના આવા મોટા કાર્યક્રમોમાં ઘણાં બધાં વાજિંત્રો એક સાથે વાગતાં હોય છે. અહીંયા પણ એક તરફ મોટાં મોટાં ડ્રમ્સ જોરજોરથી વાગતાં હતાં. બીજી તરફ એક સાથે પચાસેક વાયોલિનનો અવાજ સંપૂર્ણ ઓડિટોરિયમને ભરી દેતો હતો. બીજાં અનેક વાજિંત્રો આ બધામાં સૂર પુરાવી રહ્યાં હતાં. ટૂંકમાં, સમગ્ર વાતાવરણ ખૂબ મોટા અવાજોથી ભરાઇ ગયું હતું.

બરાબર એ જ વખતે છેક પાછળ ઊભા રહીને પિકોલો નામે ઓળખાતી એક ઊંચા અવાજવાળી ખાસ વાંસળી વગાડનાર કલાકારને વિચાર આવ્યો કે આટલાં બધાં વાજિંત્રોના અવાજોની વચ્ચે આપણી પિપૂડી કોણ સાંભળવાનું છે? અરે, પોતાનું મહત્ત્વ જ શું છે? પોતે વગાડે કે ન વગાડે એનાથી શો ફેર પડવાનો હતો? આમેય કોઇની નજર પણ ન પડે એવી જગ્યાએ તો એણે ઊભા રહેવાનું હતું. એનું સ્થાન પણ કોઇના ધ્યાનમાં આવે એવું નહોતું. એને થયું કે કોઇ પોતાની વાંસળીનો અવાજ પણ નહીં સાંભળતું હોય.

બસ! આટલું વિચારતાં જ એના મનમાં નિરાશા વ્યાપી ગઇ. આગળ વગાડવાનું છોડીને એ એમ જ ઊભો રહી ગયો. એણે



વાંસળીમાં ફૂંક મારવાનું બંધ કરી દીધું. પોતાનું કોઇ મહત્ત્વ જ નથી એ વાત જ એના અંગે અંગમાં નિરાશા ભરી દેતી હતી. વાંસળી વગાડવાનું બંધ કરીને એ સાવ જ ગુમસૂમ ઊભો રહી ગયો.

આ તરફ એણે વગાડવાનું બંધ કર્યાને હજુ એકાદ ક્ષણ માંડ વીતી હશે ત્યાં જ સર માઇકલે બૂમ પાડી, 'સ્ટોપ! સ્ટોપ! ઊભા રહો બધા, ઊભા રહો! વગાડવાનું બંધ કરો! અરે! વાંસળીનો અવાજ કેમ બંધ થઇ ગયો? Where is the piccolo? વાંસળીનો અવાજ ક્યાં ગયો? અરે, એ અગત્યના સૂર વગર તો આ સંગીત સાવ અધૂરું કહેવાય!'

પિકોલો—વાંસળી વગાડનાર માણસની આંખમાં આંસુ આવી ગયાં. એના અંગેઅંગમાં વ્યાપી નિરાશાનું સ્થાન અદમ્ય ખુશીએ લઇ લીધું. એને ખાતરી થઇ ગઇ કે કોઇ સાંભળે કે ન સાંભળે, કોઇ ધ્યાન આપે કે ન આપે, પરંતુ જેના કાને પોતાનું સંગીત પડવું જોઇએ એ સૌથી મોટા માસ્ટરના કાને તો એ બરાબર ઝિલાઇ રહ્યું છે. એણે ફરી એક વખત પૂરા દિલથી વાંસળી વગાડવાનું શરુ કરી દીધું.

o o o

દુનિયામાં પણ એવું જ છે ને? આપણાં નાના કે મોટા કોઇ પણ કામની દુનિયા નોંધ ન લે તો આપણે નિરાશ થઇ જતા હોઇએ છીએ. પરંતુ આપણે એવો વિશ્વાસ રાખવો જોઇએ કે બીજા કોઇ નોંધ લે કે ન લે, પરંતુ સૌથી મોટા માસ્ટર(ભગવાન)ને ત્યાં તો એની નોંધ લેવાતી જ હોય છે. બસ, આપણે તો એક જ ધ્યાન રાખવાનું, આપણી વાંસળી ખરા દિલથી વગાડવાની! દરેક સૂરને એ મોટા માસ્ટર સાંભળી જ લેશે!